પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૦૨, કુલ પાના:૪, તારીખઃ ૨૧-૦૪-૨૦૨૧ બુધવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 202 PRICE :-RS. 1.50 DATE : 21-04-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## કોરોનાનો કહેર યથાવત : રાજ્યમાં કોરોનાના નવા કેસ રેકોર્ડ બ્રેક ૧૨ હજારને પાર, એક દિવસમાં ૧૨૧ દર્દીના થયા મૃત્યુ

ગાંધીનગર,

રાજ્યમાં કોરોનાનો કહેર હજુ પણ યથાવત છે. કોરોનાની પરિસ્થિતિ દિવસેને દિવસે વધુ ગંભીર બની રહી છે ત્યારે નવા કેસોનો આંકડો પણ સતત વધી રહ્યો છે અને મૃત્યુઆંક પણ વધી રહ્યો છે અને રિકવરી રેટ ઘટી રહ્યો છે. રાજ્યમાં આજે પહેલીવાર કોરોનાના કેસનો આંકડો ૧૨ હજારને પાર થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં૧૨,૨૦૬ નવા કેસ નોંધાયા છે તો કોરોનાથી ૧૨૧ દર્દીના મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪,૩૩૯ દર્દીએ કોરોનાને મ્હાત આપી છે તે સાથે રાજ્યમાં રિકવરી રેટ ઘટીને ૮૦.૮૨% થયો છે. રાજ્યમાં




સતત ૨૧માં દિવસે કોરોનાના કેસમાં સતત વધારો નોંધાયો છે.

રાજ્યમાં મૃત્યુઆંકની વાત કરીએ તો છેલ્લા ૨૪ કલાક દરમિયાન સુરત શહેરમાં ૨૪, અમદાવાદ શહેરમાં ૨૩, વડોદરા શહેરમાં ૯, રાજકોટ શહેરમાં ૮, સુરેન્દ્રનગર, વડોદરા અને રાજકોટ જિલ્લામાં ૪-૪, બનાસકાંઠા,ભરૂચ, ગાંધીનગર, જામનગર, જામનગર શહેર, મોરબી અને સાબરકાંઠા ૩-૩, અરવલ્લી, ભાવનગર શહેર, બોટાદ,, દાહોદ, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, મહેસાણા અને પાટણમાં ૨-૨, અમરેલી, ભાવનગર, છોટા ઉદેપુર, ગાંધીનગર શહેર, ખેડા,મહીસાગર, પંચમહાલ અને સુરતમાં ૧-૧ મળી કુલ ૧૨૧ દર્દીઓના મૃત્યુ થયા છે. આ સાથે કુલ મૃત્યુઆંક ૫૬૧૫એ પહોંચી ગયો છે. ઉલ્લેખનીય છે કે, સતત ૧૨ દિવસથી મૃત્યુઆંક પણ વધી રહ્યો છે.

રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો હાલમાં ૭૬,૫૦૦ એક્ટિવ કેસ છે. જ્યારે ૩૫૩ લોકો વેન્ટિલેટર પર છે જ્યારે ૭૬,૧૪૭ લોકો સ્ટેબલ છે. ૩,૪૬,૦૬૩ દર્દીઓને ડિસ્ચાર્જ કરી દેવામાં આવ્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૧,૫૧,૩૯૦ લોકોને રસી આપવામાં આવી છે. અત્યાર સુધી ૯૦,૫૬,૨૮૫ લોકોને પ્રથમ ડોઝ અને ૧૫,૫૬,૨૫૮ લોકોને બીજા ડોઝનું વેક્સિનેશન પૂર્ણ થયું છે. કુલ મળીને ૧,૦૫,૯૦,૫૯૪ લોકોનું વેક્સિનેશન પૂર્ણ થયું છે. આજે રાજ્યમાં ૬૦ વર્ષથી વધુ તેમજ ૪૫થી ૬૦ વર્ષની વયના કુલ ૬૭,૩૧૫ વ્યક્તિઓને પ્રથમ ડોઝ અને ૭૪,૬૦૪ને બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીના કારણે કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી.

## આગામી ત્રણ સપ્તાહમાં કોરોના સંક્રમણ તેની ચરમસીમા પર પહોચી જશેઃ નીતિ આયોગ




દેશમાં કોરોનાની વર્તમાન પરિસ્થિતી વધુ વણસી શકે તેવી આશંકા નીતિ આયોગે વ્યક્ત કરી છે, તેના જણાવ્યા પ્રમાણે આગામી ત્રણ સપ્તાહ કોરોના સામેની લડાઈ માટે મહત્વનાં છે, નિતી આયોગની આરોગ્ય સમિતિનાં સભ્ય વી કે પોલે કેન્દ્ર શાસિત પ્રદેશોને કન્ટેનમેન્ટ ઝોન તૈયાર કરવાની રણનિતી પર કામ કરવાની સલાહ આપી છે. કેન્દ્રીય ગૃહ સચિવ અજય કુમાર ભલ્લાએ વર્ચ્યુઅલ મિટિંગમાં જણાવ્યું કે દેશમાં કોરોનાનાં કેસ ઝડપથી વધી રહ્યા છે, તેમણે કહ્યું કે જાન્યુઆરીમાં આ દરેક દિવસે ૨૦,૦૦૦ નોંધાતા હતા જો કે હવે તે ૧૦ ગણા વધી ગયા છે. માત્ર ૧૦ જ દિવસમાં દેશમાં કોરોનાનાં કેસ બેગણા થઈ ગયા છે, તેમણે જણાવ્યું કે ૯ એપ્રિલનાં દિવસે દેશમાં કુલ ૧.૩૧ લાખ એક્ટિવ કેસ મળ્યા જ્યારે ૨૦ એપ્રિલનાં દિવસે તે વધીને ૨.૭૩ લાખ થઈ ગયા છે. તેમણે વધુમાં જણાવ્યું આગામી ત્રણ દિવસોમાં આવનારા સંકટને પહોંચી વળવા માટે પહેલેથી જ હોસ્પિટલોનાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબુત બનાવવું જોઈએ, તેમણે કહ્યું કે આપણે આરટી-પીસીઆર ટેસ્ટમાં પણ વધારો કરવો જોઈએ, તે ઉપરાંત રેપિડ એન્ટિજન ટેસ્ટને પણ ચાલું રાખવા જોઈએ. તેમણે કોરોના પ્રોટોકોલને પણ કડકપણે અમલી બનાવવા પર ભાર મુક્યો છે.

## રાજ્યની તમામ ખાનગી હોસ્પિટલો, ક્લિનિક કરી શકશે કોવિડના દર્દીઓની સારવાર : CM રૂપાણી

ગાંધીનગર,

સીએમ વિજય રૂપાણીએ પ્રજોજોગ સંબોધનમાં જણાવ્યું કે ૧૫ માર્ચની આસપાસ ૪૧ હજાર દર્દીઓ માટે બેડ હતા. ૨૦-૨૫ દિવસમાં ૭૮,૦૦૦ બેડ ઉપલબ્ધ કર્યાં. તેમણે કહ્યું કે ખાનગી હોસ્પિટલોને ૧૫ જૂન ૨૦૨૧ સુધી કોરોનાની સારવારની મંજૂરી રહેશે.

કોરોનાનુ સંક્રમણ વધ્યા પછી આપણે છેલ્લા ૨૦-૨૫ દિવસમાં જે મહેનત કરી તેમાં ૭૮૦૦૦ બેડ રાજ્યમાં કરી નાખ્યા છે. સતત રાજ્યમાં વધી રહેલા કેસને જોતા વ્યવસ્થા પણ સામે ઘટતી જાય છે. ત્યારે સમગ્ર ગુજરાત રાજ્યમાં કોરોનાના દર્દીઓ વધી રહ્યા છે ત્યારે ગુજરાતની તમામ ટ્રસ્ટની, ખાનગી કે સરકારી હોસ્પિટલ હોય ફુલ થઇ રહી છે. રજીસ્ટર્ડ હોસ્પિટલોમાં દર્દીઓથી પથારીઓ ભરાઇ જાય છે.



આજે કોર ગ્રુપની મીટિંગમાં અમે નિર્ણય કર્યો છે કે, હવે ગુજરાત રાજ્યની તમામ ખાનગી હોસ્પિટલ, ક્લિનિક, દવાખાના, નર્સિંગ હોમ પોતાની હોસ્પિટલોમાં કોરોનાના દર્દીની સારવાર કરી શકશે. તમામ ખાનગી હોસ્પિટલ, નર્સિંગ હોમની સારવાર માટેની છુટ આપવામાં આવશે. કોરોનાની સારવાર માટે તેમણે કોઈ મંજુરી લેવાની રહેતી નથી. તેમણે માત્ર કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશ્નરને જાણ કરવાની રહેશે.

### રાજ્યમાં લોકડાઉન લગાડવાની કોઈ જરૂર નથી : રૂપાણી

સીએમ રૂપાણીએ જણાવ્યું કે રાજ્યમાં લોકડાઉન લગાડવાની કોઈ જરૂર નથી. તેમણે કહ્યું કે ૨૦ જેટલા શહેરોમાં નાઈટ કર્ફ્યુ સહિતના કડક પ્રતિબંધઓ લાગુ છે. તમામ શૈક્ષણિક સંસ્થાનો બંધ છે. એપ્રિલ ૩૦ સુધઈમાં અમે ૧૦,૦૦૦ વધારાના બેડ ઉપલબ્ધ કરાવ્યાં છે. રૂપાણીએ કહ્યું કે હાલમાં લોકડાઉન લગાડવાની રાજ્ય સરકારની કોઈ વિચારણા નથી.

આર્મી હોસ્પિટલો પણ હસ્તગત કરવા માટે પ્રયાસો ચાલુ. આજની મીટિંગમાં મિલિટ્રી હોસ્પિટલો જેટલી છે કચ્છમાં, જામનગર, અમદાવાદ, વડોદરા વગેરેમાં પણ કોવિડની સારવાર શરૂ થાય તે માટે અપીલ કરી છે. આવતીકાલે તેમના અધિકારીઓ સાથે બેઠક છે. વધારે બેડ પ્રાપ્ત થાય તે માટે પ્રયાસો ચાલુ છે. ગુજરાતીઓને મહત્તમ લાભ મળી રહે અને તેમનેપ રેશાન ન થવું પડે તેવા પ્રયાસો કરીશું.

આ સાથે જ મહત્વની જાહેરાત કરતા તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની તમામ ખાનગી હોસ્પિટલ, ક્લિનિક્સ, નર્સિંગ હોમના ડોક્ટર્સ અને સંચાલકો કોરોના દર્દીઓને સારવાર આપી શકશે. તેમને કોઈ પણ જાતની મંજૂરી લેવાની રહેશે નહીં માત્ર જાણ કરવાની રહેશે.

## દેશને લોકડાઉનથી બચાવવાનો છે, રાજ્યો લોકડાઉનને અંતિમ વિકલ્પ તરીકે જુએ : PM

ન્યુ દિલ્હી,

રાષ્ટ્રજોગ સંબોધનમાં વડાપ્રધાન મોદીએ લોકડાઉન બાબતે મોટી વાત કરતા કહ્યું કે આપણે દેશને લોકડાઉનથી બચાવવાનો છે. હું રાજ્યોને પણ કહું છું છે લોકડાઉનને અંતિમ વિકલ્પ તરીકે જુએ.

વડાપ્રધાન મોદીએ કોરોનાને કારણે મૃત્યુ પામેલા દર્દીઓના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા કહ્યું કે હું તમારી પીડા અનુભવું છું,



પરિવારના સભ્યના રૂપે હું તમારા દુઃખમાં શામેલ છું.

વેક્સીન અંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે દુનિયાની સૌથી સસ્તી વેક્સીન ભારતમાં છે. ભારત બે મેડ ઈન વેક્સીન ધરાવતો દેશ છે. વેક્સીન બાબતે ખાનગી ક્ષેત્રએ મહત્વની ભૂમિકા ભજવી છે. હવે ભારતમાં જે વેક્સીન બનશે તેનો અડધો ભાગ સીધો રાજ્યોને અને હોસ્પિટલમાં આપવામાં આવશે અને પહેલાની જેમ જ દેશના નાગરીકોને મફતમાં વેક્સીન અપાશે.

પીએમ મોદીએ કોરોના વોરીયર્સની પ્રસંશા કરતા કહ્યું કે હું ડોક્ટર્સ, મેડીકલ, પેરામેડીકલ સ્ટાફ, સફાઈકર્મી, પોલીસકર્મી આ તમામની પ્રસંશા કરૂં છું, આ બધા પહેલાની જેમ પરિવારની ચિંતા કર્યા વગર બીજાના જીવન વાચવવા કામે લાગી ગયા છે.

વડાપ્રધાને કહ્યું કોઈ પણ પરિસ્થિતિમાં ધૈર્ય ન ગુમાવો, બધા મળીને સાચી દિશામાં નિર્ણય લઈએ તો જ જીતીશું, આજે દેશ દિવસ રાત કામ કરી રહ્યો, ગત દિવસોમાં જે નિર્ણયો લેવામાં આવ્યા એ સ્થિતિને સુધારશે.

પહેલા જે પરિસ્થિતિ હતી એ હાલની પરિસ્થિતિ કરતા અલગ છે. મેડીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓછું હતું. થોડાક જ સમયમાં આપને આ બધું ડેવલપ કર્યું. આજે લેબ છે, ટેસ્ટીંગ વધારી રહ્યા છીએ.

## કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી કોરોના પોઝિટિવ

ન્યુ દિલ્હી,

તાજેતરમાં સમાચાર મળ્યા છે કે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. રાહુલ ગાંધીએ ખુદ ટ્વિટર પર ટ્વિટ કરીને આ વિશે માહિતી આપી હતી. રાહુલ ગાંધીએ ટ્વિટમાં લખ્યું હતું કે 'હળવા લક્ષણોનો અનુભવ કર્યા બાદ, મેં કોવિડ માટે રિપોર્ટ કરાવ્યો હતો જે પોઝિટિવ આવ્યો છે. તાજેતરમાં જ જેઓ મારી સાથે સંપર્કમાં આવ્યા છે તે બધા, કૃપા કરીને તમામ સલામતી પ્રોટોકોલોનું પાલન કરો અને સુરક્ષિત રહો.'

આ બાદ કોંગેસના અનેક નેતા અને સોશિયલ મીડિયાના ઘણા યુઝર્સ દ્વારા તેમને સારા સ્વાસ્થ્યનું પ્રાર્થના કરવામાં આવી હતી.

જાહેર છે કે દેશમાં કોરોના ખુબ વધી રહ્યો છે. પહેલા અભીનેતાઓ તેની ઝપેટમાં હતા અને



હવે એક પછી એક નેતાઓ પણ કોરોનાનો શિકાર બનતા જઈ રહ્યા છે. થોડા દિવસ પહેલા જ પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં જ રાહુલ ગાંધીએ પ્રચાર રેલીઓ ના કરવાનું એલાન કર્યું હતું. અને તાજેતરમાં જ તેમનો કોરોના રીપોર્ટ સકારાત્મક આવતા ખળભળાટ મચી ગયો છે.

રાહુલ ગાંધીના કોરોનો પોઝિટિવ બાદ સોશિયલ મીડિયા પર તેમના માટે પ્રાર્થના કરવામાં આવી રહી છે. રાજસ્થાનના મુખ્ય પ્રધાન અશોક ગેહલોતે જલ્દી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી છે.

## સિરિયામાં રશિયાની વાયુસેનાની એર સ્ટ્રાઈક, ૨૦૦ આતંકીઓનો ખાત્મો

નવી દિલ્હી,

સિરિયામાં રાષ્ટ્રપતિ બસર અલ અસદની સરકારનુ સમર્થન કરી રહેલા રશિયાએ આતંકીઓ સામે મોટી કાર્યવાહી કરી છે.

રશિયન વાયુસેનાના લડાકુ વિમાનોએ કરેલી એર સ્ટ્રાઈકમાં ઈસ્લામિક સ્ટેટના ૨૦૦ જેટલા આતંકીઓનો ખાત્મો થયો હોવાના અહેવાલો મળ્યા છે. રશિયાના લડાકુ વિમાનોએ પલમાયરાના ઉત્તર પૂર્વ વિસ્તારમાં આવેલા ઈસ્લામિક સ્ટેટના બેઝને ટાર્ગેટ બનાવીને સંખ્યાબંધ મિસાઈલ્સ લોન્ચ કરી હતી.

દરમિયાન સિરિયામાં રશિયન સેનાની આગેવાની કરી રહેલા રિયલ એડમિરલ કારપોવે પણ આ હુમલાને સમર્થન આપ્યુ છે. જે બેઝ પર હુમલો કરાયો છે ત્યાં આંતકીઓ વિસ્ફટકો તૈયાર કરતા હતા.આ બાબતની જાણકારી રશિયાને મળી હતી. રશિયાએ આ બેઝ તબાહ કરવા માટે વાયુસેનાના લડાકુ વિમાનોનો ઉપયોગ કર્યો હતો.

રશિયાએ દાવો કર્યો છે કે, હુમલામાં ૨૦૦ આતંકવાદીઓ ઉપરાંત બે મકાનો, ભારે મશિનગનોથી સજ્જ૨૪ ટ્રકો, ૫૦૦ કિલો વિસ્ફોટકોનો ખાતમો બોલી ગયો છે. વિસ્ફોટક હથિયારો બનાવવા માટેનુ બીજુ મટિરિયલ પણ નષ્ટ કરવામાં આવ્યુ છે. આતંકીઓનો ઈરાદો સિરિયામાં થનારી ચૂંટણી પહેલા અસ્થિરતા ઉભી કરવાનો હતો.

## પાકિસ્તાન સરકારની અક્કડ ઓછી થઈ : મજબૂરીમાં કર્યો શરમજનક નિર્ણય

પાકિસ્તાન,

પાકિસ્તાની સરકારે કટ્ટરપંથીઓના દબાવમાં આવીને તહરીક એ લબ્બેકના નેતા સાદ રિઝવીને કોટ લખપત જેલમાંથી છોડી દીધા છે. ઈમરાન ખાનની સરકાર માટે આ અત્યંત શરમજનક નિર્ણય કહેવામાં આવી રહ્યો છે. કારણ કે રિઝવીની ધરપકડ સામે પોલીસ પણ સામે આવવા લાગી હતી. ઈમરાન ખાનને મજબૂરીમાં રીઝવીને છોડવો પડયો છે. સંભવ છે કે આગામી દિવસોમાં રિઝવીની અન્ય માંગોને પણ ઈમરાન ખાને મજબૂર થઈને માનવી પડે.



તહરીક એ લબ્બેક દ્વારા હિંસક પ્રદર્શનો વચ્ચે ઈમરાન ખાનની સરકાર ફ્રાંસીસી રાજદૂતને તડીપાર કરવા માટેના પ્રસ્તાવ ઉપર આજે નિર્ણય કરશે. વાસ્તવમાં ફ્રાન્સમાં પયગમ્બર મહંમદના કાર્ટુન બીજી વાર પ્રકાશિત કર્યા બાદ તહરીક એ લબ્બેકએ પાકિસ્તાનમાં વિરોધ પ્રદર્શન શરૂ કર્યા છે. જ્યારે ઈમરાન ખાનની સરકારે તહરીક એ લબ્બેકના નેતા સાદ રિઝવીની ધરપકડ કરી તો વિરોધ પ્રદર્શનમાં વધુ હિંસા ભડકી ઉઠી હતી.

ઈમરાન ખાન આ સમયે અસમંજસમાં ફસાઈ ગયા અને અંતે તેને રિઝવીને છોડવાની જાહેરાત કરી. તહરીક એ લબ્બેકના હિંસક પ્રદર્શનોની તરફ ઈશારો કરતા સોમવારે પાકિસ્તાનના પીએમ ઈમરાન ખાને કહ્યું હતું કે, પાકિસ્તાનનું આ દુર્ભાગ્ય છે કે અમારે રાજનૈતિક દળો અને ધાર્મિક દળો ઈસ્લામનો ખોટી રીતે ઉપયોગ કરે છે અને તેનો ઉપયોગ કેવો રીતે કરે છે કે જેથી દેશને નુકસાન પહોંચે છે. કટર પંથીઓના વધતા દબાવ વચ્ચે ઈમરાન ખાન સરકારે તહરીક એ લબ્બેકની બીજી માંગો સ્વીકારવા માટે પણ અમલ શરૂ કરી દીધો છે. પાકિસ્તાનના ગૃહ મંત્રી શેખ રશિદ અહમદે મંગળવારે જાહેર કર્યું હતું કે, સરકાર નેશનલ એસેમ્બલીમાં ફ્રાંસીસી રાજદૂતને નિષ્કાસન ઉપર એક પ્રસ્તાવ રજૂ કરશે અને ત્યાર બાદ યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

## અમારી પાસે ભારતને આપવા જેવું કશું નથી, મહામારીના કાળમાં USએ છોડ્યો સાથ

વોશિંગ્ટન,

એક તરફ ભારતમાં કોરોના વાયરસને નાથવા માટે વેક્સીનેશન પ્રોગ્રામને વેગ આપવામાં આવી રહ્યો છે. વિદેશની કેટલીક જરૂરી રસી માટે પણ કેન્દ્ર સરકારે આયાત કર માફ કરીને એના ઉપયોગ માટે લીલી ઝંડી આપી દીધી છે. આમ તો અમેરિકાનું વલણ સતત કોઈને કોઈ વિષયને લઈને અસ્પષ્ટ રહેતા સમયાંતરે એની તાસીરનો અહેસાસ




ભારતને થાય છે. મહામારીના મુશ્કેલ સમયમાં ભારતને અમેરિકાએ ઝટકો આપ્યો છે.

કોરોના વાયરસની વેક્સીન માટે જરૂરી એવા કાચામાલ પરનો પ્રતિબંધ દૂર કરવા માટે અમેરિકાને અપીલ કરવામાં આવી હતી. જો બાઈડિન તંત્ર તરફથી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, અમે અત્યારે ભારતની જરૂરિયાતને સમજીએ છીએ. પણ અત્યારે અમારા હાથ પણ બંધાયેલા છે. વ્હાઈટ હાઉસ પ્રેસ સેક્રેટરીએ કહ્યું કે, અમે ભારતની એ જરૂરીયાતને સમજીએ છીએ. આમ અમેરિકી સરકારે ભારતની માગ સ્વીકારી નથી. અમેરિકામાં કોરોના વાયરસ રીસ્પોન્સ ટીમના સલાહકાર ડો. એન્થની ફોસીએ જણાવ્યું હતું કે, ભારતને આપવા માટે અત્યારે અમેરિકા પાસે કંઈ નથી. પુનાવાલાની માગને પૂરી કરવા માટે અત્યારે અમારી પાસે કશું નથી.

ભારતમાં વધી રહેલા કોરોના વાયરસના કેસના માહોલમાં વેક્સીનનું વધુ ઉત્પાદન કરવા માટે અદાર પુનાવાલાએ અમેરિકી રાષ્ટ્રપ્રમુખ જો બાઈડનને અપીલ કરી હતી કે, કાચા માલની નિકાસ માટેના નિયમોમાં છૂટછાટ આપી દેવી જોઈએ. જેથી કોરોના સામેની લડાઈને મજબૂતી સાથે લડી શકાય. આગામી તા. ૧ મેથી ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકોને વેક્સીન આપવાની સરકારે જાહેરાત કરી છે.

બીજી તરફ વેક્સીનનું ઉત્પાદન વધારવા માટે પણ યોગ્ય મંજૂરી મળી ચુકી છે. ભારતમાં બીજી લહેર જોખમી અને વધુ ઘાતક પુરવાર થઈ રહી છે. દૈનિક ધોરણે આવતા કેસની સંખ્યા ૨ લાખને પાર થઈ ગઈ છે. એવામાં વેક્સીન તૈયાર કરવા માટે અમેરિકા પાસે કાચાને લઈને મદદ માગવામાં આવી હતી. પણ અમેરિકાએ હાથ ઊંચા કરી દેતા નિરાશા સાંપડી છે. જોકે, વિદેશી વેક્સીનને મંજૂરી મળતા થોડી રાહત મળી રહેશે. એવું આરોગ્ય વિભાગના સુત્રોમાંથી જાણવા મળ્યું હતું. દૈનિક ધોરણે વધી રહેલા કેસની સાથોસાથ મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. જે ચિંતાજનક છે. દેશમાં સૌથી વધારે ગંભીર સ્થિતિ મહારાષ્ટ્રની થઈ છે. ત્યાર બાદ મધ્ય પ્રદેશમાં પણ વીજગતિએ કેસ વધતા સારવાર સેન્ટર વધારી દેવાયા છે.

### જાહેર નોટિસ



આથી અમો નીચે સહી કરનાર રાજેશ એ. હડીયલ, એડવોકેટ એન્ડ નોટરી, રહે ગોધરા ના તે અમો અમારા અસીલ શ્રી ઈન્દીરાબેન તે રાજુભાઈ ગોવિંદભાઈ પરમારી પત્ની રહે- ચિત્ર ખાડી સંતોષી માતા ના મંદિર પાસે, ખાડી ફળીયા રોડ ગોધરા, ફોન નં ૯૯૨૪૯૩૪૮૩૦ ના ઓની સુચના અને ફરમાઈસથી આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ

અમારા અસીલની દિકરી નામે રોશનીબેન રાજુભાઈ પરમાર કે જેનો ફોટો બાજુમાં છાપેલ છે. જેની ઉંમર ૧૯ વર્ષ અને ૫ માસની છે. અને અમારા અસીલ ની સગીર દિકરી રોશની ને કોઈ અપહરણ કરી તેમના વાલી પણા માંથી ઉપાડી ગયેલ હોઈ જેથી જો કોઈ વ્યકિત ને તેની જાણ મળે તો નજીક ના પોલીસ સ્ટેશનને અથવા અમાં અસીલનો સંપર્ક કરવા જાહેર જનતા ને આ વિનંતી નોટીસ આપી જણાવીએ છીએ. મો.૭૦૧૬૬ ૭૬૨૪૫ / ૭૬૮૭૯ ૨૨૧૪૬

તારીખઃ- 20/04/2021

સ્થળ : ગોધરા

અમારા અસીલની સુચના અને ફરમાઈશથી મુજબ

(રાજેશ એ.હડીયેલ) એડવોકેટ એન્ડ નોટરી

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

સુરપાલસિંહ ધનસુખભાઈ બારીઆ

મુ. સીંગોર, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.


- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વેસ્તીબેન મગનભાઈ પટેલ

મુ. અંતેલા, તા. દે.બારીઆ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહિસાગર જિલ્લામાં આજે ૬૪ પોઝિટિવ કેસ : કુલ ૩૨૭૮ પોઝીટીવ કેસ નોંધાયા



લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૮ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૮ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૪ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૭ સ્ત્રી, ૦૮ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૬ સ્ત્રી, ૧૦ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૪ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૦-૦૪-૨૦૨૧ ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૩૨૭૮ કેસ પોઝીટીવ નોંધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૩ પુરૂષ, કડાણા તાલુકાની ૦૫ સ્ત્રી, ૦૫ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૬ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૭ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૨ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૨૭૨૬ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૧૧ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૪૦ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૫૧ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૧૭૮૪૦૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૭૮ વ્યકિતઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૩૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૨૬૧ દર્દી હોમ આઈસોલેશન, ૭૬ દર્દી એસ.ડી.એચ.સંતરામપુર અને ૩૬ દર્દી અન્ય જિલ્લા ખાતે તેમજ ૯૭ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૦૧ દર્દીઓ સ્ટેબલ અને ૯૩ દર્દીઓ ઓકિસજન પર અને ૦૭ વેન્ટીલેટર પર છે.

**મહીસાગરમાં કોરોનાના કેસની સંખ્યા**

| |
|---|
| બાલાસીનોર-૧૨ |
| કડાણા-૯ |
| ખાનપુર-૭ |
| લુણાવાડા-૧૫ |
| સંતરામપુર-૧૬ |
| વિરપુર-૭ |

જીલ્લામાં એક્ટીવ કેસ-૫૦૧
કોરોનાના સ્વસ્થ થયેલ દર્દીઓ ૨૭૨૬
કોરોનાથી ૧૧ મોત.

# મહીસાગરમાં ધન્વંતરી તથા સંજીવની આરોગ્ય રથ દ્વારા લોકોને ઘરઆંગણે સેવા આપતું આરોગ્ય તંત્ર




લુણાવાડા,
સમગ્ર મહીસાગર જિલ્લામાં કોવિડ૧૯ની મહામારીની બીજી લહેરના કારણે કોરોના દર્દીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. આ કોરોના વાયરસ ને નિયંત્રણમાં રાખવા માટે વહિવટી તંત્ર દ્વારા જનહિતમાં આરોગ્યલક્ષી વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. નોવેલ કોરોના વાયરસ કોવિડ૧૯ની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈ મહીસાગર જિલ્લામાં વધતાં જતાં કોરોના સંક્રમણને અટકાવવા માટે તેમજ આ સમય દરમ્યાન પણ રોગચાળા અટકાયત કામગીરી માટે આરોગ્ય તંત્ર સતત કાર્યરત છે. તે માટે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારીના સીધા માર્ગદર્શન હેઠળ દર્દીઓને સમયસર આરોગ્ય સેવા મળી રહે તે હેતુસર આરોગ્ય વિભાગ મહીસાગર દ્વારા ગામડાઓમાં અને નગર વિસ્તારમાં ધન્વંતરી રથ ૨૧ તથા સંજીવની રથ ૧૭ મળી કૂલ ૩૮ મોબાઈલ રથ મારફત આરોગ્યલક્ષી સેવા આપવામાં આવી રહી છે.

આ ધન્વંતરી રથમાં આર.બી.એસ.કે ડોકટર અને તેમની સાથે પેરામેડીકલ ટીમ દ્વારા ગ્રામ્ય અને નગર વિસ્તારમાં સરકારના આરોગ્ય સેતુ એપ દ્વારા નોંધાયેલ વિસ્તાર, હાઈરીસ્ક અને લો-રીસ્ક એરીયામાં રહેતા લોકોના આરોગ્યની તપાસણી કરવામાં આવે છે. જેમાં થર્મલગન થી શરીરનું તાપમાન માપવામાં આવે છે. અને પલ્સ ઓક્સીમીટર વડે લોહીમાં ઓક્સિજનનું પ્રમાણ માપવામાં આવે છે. તથા બ્લડ પ્રેશર પણ માપવામાં આવે છે. જરૂર જણાય તેવા દર્દીને સ્થળ પર જ દવા અને આરોગ્ય સારવાર આપવામાં આવે છે.

જિલ્લામાં સંજીવની રથ ૧૭ ફાળવવામાં આવેલ છે. જેમાં એક આયુષ મેડિકલ ઓફિસર, એક ફીમેલ હેલ્થ વર્કર અથવા મલ્ટીપર્પજ હેલ્થ વર્કર દ્વારા કોરોના પોઝિટિવ દર્દીની મુલાકાત લઈ તેના આરોગ્યની સતત દેખભાળ રાખવામાં આવે છે. તપાસ દરમ્યાન જો કોઈ દર્દીની તબિયત ગંભીર જણાય તો તુરંત તેમને કોવિડ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે.

૧લી એપ્રિલ થી ૧૯મી એપ્રિલ-૨૦૨૧ સુધીમાં ધન્વંતરી રથ દ્વારા ૩૧૭૮૧ ઓ.પી.ડી. કરવામાં આવી છે જેના દ્વારા લોકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી જેમાં ૫૪૫ તાવના કેસ, ૭૮૭ શરદી ઉધરસ ના કેસ ડાયાબીટીસના ૨૪૫ કેસ,હાઈપરટેન્સનના ૨૭૬ કેસની તપાસ કરી સારવાર આપવામાં આવી હતી. સાથે ૪૦૭૧ જેટલા રેપીડ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ઈમ્યુનીટી વધારે તેવી આયુર્વેદીક તેમજ હોમીયોપેથિક દવાનુ વિતરણ તેમજ ઉકાળાનુ વિતરણ સ્થળ પર જ કરવામા આવે છે. લોકોમાં કોરોના રોગ અટકાયત અન્વયે જનજાગૃતિના ભાગ સ્વરૂપે લોકોને માસ્ક ફરજીયાત પહેરવુ, સામાજિક અંતર જાળવવુ , ભીડભાડ વાળી જગ્યાએ જવાનુ ટાળવુ વગેરે બાબતે જાણકારી આપવામાં આવે છે.

મહીસાગર જિલ્લા ગ્રામ્યની જનતાને આરોગ્ય સેવાઓ પુરી પાડવા માટે ધન્વંતરી રથની ટીમ સદાય કટિબદ્ધ છે. તેથી કોઈપણ વ્યકિતને તાવ, શરદી ઉધરસ જેવા લક્ષણો જણાય તો તુરંત તમારા વિસ્તારમાં આવતા ધન્વંતરી રથમાં તપાસ કરવી સારવાર અચૂક લેવા આરોગ્ય તંત્ર દ્વારા ખાસ આપીલ કરવામાં આવે છે.

# કડાણાના પદમાંજીની મુવાડીમાં ઘરમાં લાગેલી આગમાં માલસામાન બળીને ખાખ

દિવડાકોલોની,
મહિસાગર જિલ્લાના કડાણા તાલુકામાં આવેલ પદમાંજીની મુવાડી ખાતે સોમવારે સવારે ગામના મુળજીભાઈ માછી ખેતરમાં કામ અર્થે ગયા હતા. ત્યારે તેમના ઘરમાં અગમ્ય કારણોસર ઓચિંતી આગ લાગી હતી. જેના માટે સંતરામપુર ફાયર ફાયટરને જાણ કરવામાં આવતા ગાડી મોડી પડતા ગ્રામજનો દ્વારા બોર મોટરના પાણીનો ઉપયોગ કરી આગ પર કાબુ મેળવ્યો હતો. જ્યારે આ આગની લપેટમાં મામા મુળજીભાઈના ભાણેજના લગ્ન હોય તેની મામેરાની તૈયારીઓ માટે ઘરમાં રાખેલ રોકડ રકમ ૬૫ હજાર સહિત સોના-ચાંદીના દાગીના તેમજ અન્ય ઘરવખરી સામાન મળી અંદાજે રૂ.૫ લાખનુ નુકસાન થયુ હોવાનુ ઘર માલિક દ્વારા પંચનામામાં જણાવ્યુ હતુ. ત્યારે આ સમયે ઘર માલિકને સહાનુભુતિ અને સરકાર દ્વારા મળતી સહાયની તાતી જરૂરિયાત હોય તે સમયે તંત્રને વહેલી સવારથી ઘટનાની જાણ હોવા છતાં ફાયર ફાયટર એક કલાક અને તાલુકા સ્થાનિક તંત્ર ચાર કલાક પછી ઘટના સ્થળે પહોંચતા ગ્રામજનોમાં તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળ્યો હતો.

## કાલીયાકુવા-કરમસદ ST બસ બંધ કરાતા અપડાઉન કરતા મુસાફરો પરેશાન

વિરપુર,
સરકાર દ્વારા ફાળવેલી બસોમાં રોજીંદા મુસાફરો મુસાફરી કરે છે પરંતુ ડાકોર એસ.ટી.ડેપો દ્વારા સવારની ૭ વાગ્યાની કાલીયાકુવા કરમસદ બસ જતી બસ પાંડરવાડા-લીમડીયા, ડેભારી, વિરપુર, બાલાસિનોર, ડાકોર, આણંદ થઈ ૧૧ વાગ્યે કરમસદ પહોંચતી હતી. આ બસમાં નોકરી-ધંધા અર્થે અપડાઉન તથા સામાન્ય મુસાફરો માટે આશિર્વાદરૂપ હતી. પરંતુ એકાએક બસ બંધ કરાતા મુસાફરોને ભારે હાલાકી પડતા તેના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. અને આ બસને પુનઃ શરૂ કરવા પ્રબળ માંગ ઉઠી છે. ડાકોર એસ.ટી.ડેપોના મેનેજર કાંતિભાઈ પ્રજાપતિએ જણાવ્યુ હતુ કે, કોરોનાના કારણે ૫૦ ટકા સ્ટાફ રાખવાના સરકારના પરીપત્ર પ્રમાણે હાલ ડાકોર ડેપોના ૬૫ શેડ્યુલ છે. જેમાં ૩૨ શેડ્યુલ ચાલુ રાખવા નિગમે જણાવ્યુ છે. જેના કારણે કાલીયાકુવા-કરમસદ બસ બંધ કરવામાં આવી છે. નિગમ દ્વારા આગામી દિવસોમાં જે રીતે આયોજન કરવામાં આવશે તે રીતે શેડ્યુલ ચાલુ કરવામાં આવશે.

# કડાણા તાલુકાના આંકલીયા ગામની દુકાન સીલ કરતુ વહીવટી તંત્ર



લુણાવાડા,
હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાઈરસ COVID - 19 ને વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોય જે અનુસંધાને નોવેલ કોરોના વાઈરસ COVID - 19 ના ઝડપી સંક્રમણને ધ્યાને લેતા તકેદારીના ભાગ રૂપે લોકોની અવર - જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારૂ જિલ્લા કલેક્ટર તેમજ ગુજરાત સરકાર તરફથી જાહેરનામું બહાર પાડવામાં આવેલ હોય જેમાં સરકારના આરોગ્ય વિભાગની ગાઈડ લાઈન મુજબ કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા સારૂ જનહીતમાં કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે પોલીસ પેટ્રોલીંગ દરમ્યાન અને મામલતદાર કડાણા દ્વારા આંકલીયા ગામે તળાવ ફળીયામાં કાપડની દુકાને જઈ ચેક કરતા દુકાન માલીકનો તા.૧૭/૦૪/૨૦૨૧ ના રોજ પોઝેટીવ આવેલ હતો. તેને હોમ કવોરન્ટાઈન કરેલ હોવા છતાં પોતાની દુકાન ચાલુ રાખી વેપાર કરતા હતા. નાગરીકોને તેની જાણ નહોતી કે દુકાનદાર પોઝેટીવ છે. આમ પોતે હાલમાં ચાલી રહેલ નોવેલ કોરોના વાઈરસ COVID - 19 નો ચેપ ફેલાતો હોવાનું જાણતા હોવા છતાં પોતાની દુકાન ચાલુ રાખેલ હોય દુકાન ચાલુ રાખવા બાબતે પુછતા કોઈ સંતોષકારક જવાબ આપેલ નહીં. જેથી આ બાબતે વિગતવારનું પંચનામું કરવામાં આવેલ છે.

જેથી દુકાન માલીકે હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાઈરસ COVID - 19 ને વૈશ્વિક મહામારી જાહેર કરેલ હોવાનું જાણતા હોવા છતા અને લોકોમાં નોવેલ કોરોના વાઈરસ COVID - 19 નો ચેપ ફેલાવાનો સંભવ હોવાનું જાણતા હોવાં છતાં અને પોઝેટીવ હોઈ તેમ છતાં પોતાની દુકાન ખુલ્લી રાખી વેપાર કરતા મળી આવેલ હતા. તેઓના વિરૂધ્ધમાં ઈ.પી.કો. કલમ ૨૬૯,૨૭૦ તથા ધી એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૩ ની કલમ ૩ (૧) મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે. તેમ પોલીસ સબ ઈન્સપેકટર ડીટવાસ દ્વારા જણાવાયું છે.

# વિરપુર પોલીસે ૨૫ વ્યક્તિઓને માસ્ક વગર પકડી ૨૫૦૦૦ નો દંડ ફટકાર્યો

લુણાવાડા,
વૈશ્વિક મહામારી કોરોના વાયરસની બીજી લહેરમાં કોરોના સંક્રમણ વધી રહ્યું છે ત્યારે કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટે રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ પગલાઓ લેવામાં આવી રહ્યા છે. તે સંદર્ભે મહિસાગર જિલ્લાના નાગરિકોને સુરક્ષિત રહે તે માટે મહીસાગર-લુણાવાડાના પોલીસ અધિક્ષક બારોટ તથા એસ./એસ.ટી. સેલના નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ વૈશ્વિક મહમારી કોવિડ-૧૯ સંક્રમણના ફેલાવા બાબતે કોવિડ-૧૯ની ગાઈડલાઈનનો ભંગ કરતી વ્યકિતઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

જેના ભાગરૂપે વિરપુર પોલીસ દ્વારા જુદા જુદા વિસતારોમાં પેટ્રોલીંગ કરી પોલીસે માનવતાના ભાગરૂપે ૩૨૫ વ્યકિતઓને માસ્કનું વિતરણ કર્યું હતું. જયારે કોવિડ-૧૯ની ગાઈડલાઈનનો ભંગ કરતા ઈસમો વિરૂધ્ધમાં ઈ.પી.કો. કલમ ૨૬૯, ૨૭૦ તથા એપેડેમીક એકટની કલમ-૩(૧) તથા ધી ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ ની કલમ-૫૧(૩) મુજબ કુલ-૦૯ કેસો કરવામાં આવ્યા છે. જયારે માસ્ક પહેર્યા વગર ફરતા કુલ-૨૫ ઈસમોને માસ્ક એન.સી. આપી કુલ રૂા. ૨૫,૦૦૦/-નો દંડ વસુલ કરવામાં આવ્યો હતો તેમજ કોવિડ-૧૯ સંદર્ભે ૦૪ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હોવાનું વિરપુર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર એચ. વી. છાસટિયાએ જણાવ્યું છે.

# સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં કોરોના નો ટેસ્ટ કરવા માટે નાગરિકો સંખ્યાબંધ ઉમટી પડ્યા



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સંતરામપુર નગરમાં છેલ્લા પંદર દિવસમાં કોરાનાની સંખ્યાનું પ્રમાણ સતત વધારો થઈ રહ્યો છે. સંતરામપુર નગર અને ગ્રામ્ય વિસ્તારો માં કોરો નાથી લોકોને ડર લાગવા લાગ્યો છે. આજે સવારથી જ સંતરામપુર ના લોકો કોરોના અલગ-અલગ ટેસ્ટ કરાવવા માટે હોસ્પિટલમાં ભીડ જોવા મળી હતી. જ્યારે બીજી બાજુ કોવિડ હોસ્પિટલમાં એસી ઉપરાંત દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. covid hospital ધીરે ધીરે હાઉસફુલ થઈ રહેલી છે. સતત કોરોનાનો દર્દીઓનું પ્રમાણ વધતું જાય છે. હોસ્પિટલમાં ઓક્સિજનનો જથ્થો પણ સતત આવેલું છે. દિવસે દિવસે સંતરામપુર નગર અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોના ની સંખ્યા અને મરણ અંક વધતો જઈ રહ્યો છે. હવે સંતરામપુર નગર અને ગ્રામ્ય વિસ્તાર કોરોનાથી બેકાબુ બન્યો છે.

# વિરપુર તાલુકાના સાલૈયા ગામે કોરોનાકાળમાં ટોળુ થઈ ભજન-કિર્તન કરતા લોકો ઉપર પોલીસે કાર્યવાહી કરી

વિરપુર,
મહિસાગર જિલ્લામાં કોરોના સંક્રમણ સતત વધી રહ્યુ છે. જિલ્લાના તાલુકાઓમાં પણ કોરોનાનુ સંક્રમણ દિવસે દિવસે વધી રહ્યુ છે ત્યારે વિરપુર તાલુકામાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં સતત ઉછાળો આવી રહ્યો છે.

ત્યારે સ્થાનિક તંત્ર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વરા જનતાને કોરોના ગાઈડલાઈનના ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવ્યુ હોવા છતાં વિરપુર તાલુકાના સાલૈયા ગામે ચૈત્રી નવરાત્રિ નિમિત્તે રાજેશભાઈ પ્રજાપતિએ પોતાના ઘરે જવારા વાવ્યા હોવાથી ભજન કિર્તનના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભીડ એકઠી કરી હતી. આ અંગે વિરપુર પોલીસને જાણ થતાં સાલૈયા પહોંચી રાજેશભાઈ પ્રજાપતિ દ્વારા જાહેરનામાંનો ભંગ કરાતા ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદના ફતેપુરા અને લીમખેડાની બે સગીરાઓનું લગ્નના ઈરાદે અપહરણ કરતા ફરિયાદ

દાહોદ,
દાહોદ જિલ્લાના ફતેપુરા અને લીમખેડા તાલુકામાંથી એમ બે જુદી જુદી જગ્યાએથી બે સગીરાને લગ્નની લાલચે બે યુવકો અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

દાહોદ તાલુકાના જુનાપાણી ગામે રહેતા સુભાષભાઈ આપજીભાઈ નીનામાએ ગત તારીખ ૮મી એપ્રિલ ના રોજ ફતેપુરા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષિય સગીરાને પ્રેમના પાઠ ભણાવી પત્ની તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતા આ સબંધે સગીરાના વાલી વારસ દ્વારા ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બીજો બનાવ લીમખેડા તાલુકાના દેવધી ગામે ગત તારીખ ૧૭મી એપ્રિલના રોજ બનવા પામ્યો હતો જેમાં લીમખેડાના અંબા ગામે રહેતા સુરેશભાઈ રાયસીંગભાઈ નીનામાએ લીમખેડા તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી પટાવી ફોસલાવી અપહરણ કરી લઈ નાખી દેતા આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# લીમખેડાના કાછલા ગામે અજાણ્યા વાહનની ટકકરે બાઈક ચાલકનું મોત

દાહોદ,
લીમખેડા તાલુકાના કાછલા ગામે એક અજાણ્યા વાહનના ચાલકે એક મોટરસાયકલ ચાલકને અડફેટમાં લેતા મોટરસાઈકલના ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નિપજ્યુ હોવાનું જાણવા મળે છે. લીમખેડા તાલુકાના વિસલંગા ગામે રહેતા ૪૭ વર્ષીય રમેશભાઈ નારસિંગભાઈ ભાભોર ગત તારીખ ૧૮મી એપ્રિલના રોજ પોતાના કબજાની મોટરસાયકલ લીમખેડાના કાછલા ગામેથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન એક અજાણ્યા વાહન ચાલક પોતાના કબજાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી આ રમેશભાઈની મોટરસાઈકલને અડફેટમાં લેતા રમેશભાઈ મોટરસાયકલ સાથે જમીન પર ફંગોળાયા હતા. જેને પગલે રમેશભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેઓનું ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ સંબંધે વિસલંગા ગામે રહેતા મેહુલકુમાર રમેશભાઈ ભાભોર દ્વારા લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# દે.બારીયા શહેરમાં કસ્બા વિસ્તારમાં ખ્વાજા સાહેબની છઠ્ઠી શરીફની ન્યાઝનું આયોજન

દે.બારીયા,
દે.બારીયા શહેરમાં વસતા એહલે સુન્નત વલજમા અતના ખ્વાજા સાહેબના અનુયાયીઓ આમ તો બધી જ ન્યાઝોનું આયોજન કરતા હોય છે. તે મુજબ છેલ્લા ઘણા સમય થી ખ્વાજા એ ખ્વાજાગાર શાહે હિન્દોસ્તા જેઓ ગરીબન્નવાઝના લુહામણા લકત થી ઓળખાય છે. તેમની છઠ્ઠી શરીફના ન્યાઝ દર છઠ્ઠી ચાંદના રોઝા કઈને કઈ પરવાન બનાવી ને તમામ અનુયાયીઓ કરતા આવ્યા છે. તે મુજબ કસ્બા સુન્ની જામા મસ્જીદ પાસે નવજવાનોના દ્વારા નમાઝી ભાઈઓ તથા રોઝદારો માટે લીંબુનું જયુસ બનાવી તમામ રોઝદારોને તકસીમ રહ્યું હતું. તથા મોહમંદ હુનીફ.એન.મકરાણી ઉર્ફે ધામાભાઈના તરફ થી ન્યાઝના પેકેટ બનાવી ઘરે ઘરે વિતરણ કર્યા હતા. તા.૧૯/૦૪/૨૧ના સોમવારના સાંજના અસર અને મગરીબના વચ્ચે તમામ ખ્વાજા સાહેબના ચાહવાવાળાઓ આ ન્યાઝાનું ઘણા શોર અને આદર સાથે રાહ દેખતા હોય છે. છઠ્ઠી શરીફની ન્યાઝ તેઓ ખાય છે. જેઓ અલ્લાહ તથા ખ્વાજા સાહેબ ખવડાવે છે. તથા અજમેર વહી જાતે હે જીસે ખ્વાજા બુલાતે હૈ.

# દાહોદના રાણાપુરા ગામે છોકરી ભગાડી જવાના મુદ્દે બે વ્યકિતનું અપહરણ કરી ગોંધી રાખ્યાની પોલીસ ફરિયાદ

દાહોદ,
દાહોદ તાલુકાના રાણાપુર ગામે છોકરી ભગાડી ગયાના મુદ્દે ચાર જણાએ બે જણાનું અપહરણ કરી ગોંધી રાખી માર માર્યો હતો ને અન્ય એકને આ બાબતની જાણ થતા છોડાવવા વચ્ચે પડતાં તેને પણ માર મારતા શરીરે ઈજાઓ પહોંચાડી હતી. આ ભારે ધીંગાણાના પગલે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે ચારેય ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

રાણાપુર ગામે પટેલ ફળિયામાં રહેતા સામાભાઈ પાંગળાભાઈ પારગી, લાલાભાઈ પાંગળાભાઈ પારગી, કાળાભાઈ પાંગળાભાઈ પારગી અને ચીનીયાભાઈ પાંગળાભાઈ પારગીનાઓ તારીખ ૧૮મી એપ્રિલના રોજ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી પોતાના જ ગામમાં રહેતા અનિલભાઈ મનુભાઈ બારીયાના ઘરે આવ્યા હતા અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલા કે, કિરીટભાઈ તું મારી છોકરીને લઈ ગયેલ છે તેના દાવાના નિકાલ રૂપિયા કેમ આપતા નથી? તેમ કહી કિરીટભાઈ અને મનુભાઈને પકડી પાડી લાકડી વડે તેમજ લોખંડની પાઈપ વડે માર મારી શરીરે તેમજ માથાના ભાગે ઈજા પહોંચાડી હતી અને બંનેનું અપહરણ કરી દોરડા વડે બાંધી રાખ્યા હતા. આ બાબતની જાણ ગામમાં રહેતા અનિલભાઈ મનુભાઈ બારીયાને થતા તેઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તેઓને સમજાવતા અનિલભાઈને પણ પથ્થર વડે માર મારી મોઢાના ભાગે ઈજાઓ પહોંચાડી હતી.આ સબંધ ઈજાગ્રસ્ત અનિલભાઈ મનુભાઈ બારીયા ઉપરોક્ત ચારેય ઈસમો વિરૂદ્ધ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદમાં એક સપ્તાહમાં કોરોનાના દર્દીઓ માટે ૩૦૦ બેડ વધારવામાં આવશે : મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી

- આગામી લગ્નસરામાં લગ્ન પ્રસંગોમાં નિયત કરતા વધુ લોકો ભેગા ન થાય તે તકેદારી રાખવા પોલીસને સૂચનાઓ અપાઈ છે.
- દાહોદના ગ્રામ્યકક્ષાએ સેવા આપતા તબીબો પણ કોવિડ હેલ્થ સેન્ટર શરૂ કરે તેવી કાર્યવાહી કરવા માટે તંત્રને મુખ્યમંત્રી સૂચના.
- ઝાયડ્સ હોસ્પિટલમાં કાલથી લોકોની સેવામાં સિટી સ્કેનની સુવિધા શરૂ કરવાની મુખ્યમંત્રી જાહેરાત.





દાહોદ,
કોરોનાની પરિસ્થિતિને પહોંચી વળવા માટે આરોગ્યતંત્રની સજ્જતાની જાતમાહિતી મેળવવા માટેના ઉપક્રમ અનુસંધાને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ આજે દાહોદ પહોંચ્યા હતા. તેમણે અહીં જિલ્લા વહીવટી તંત્ર સાથે વિસ્તૃત ચર્ચા કરી આગામી સપ્તાહમાં ૩૦૦ પથારીની સુવિધા ઉભી કરવાની જાહેરાત કરી છે.

ઉક્ત બાબતમાં મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું કે, દાહોદમાં ઝાયડ્સ હોસ્પિટલ ખાતે ૨૦૦ પથારી અને જિલ્લામાં ૧૦૦ વધારાની પથારી તમામ સુવિધા સાથે દર્દીઓ માટે વધારવામાં આવશે. એટલે, દાહોદમાં કોરોનાના દર્દીઓની સારવાર માટે વધારાની ૩૦૦ પથારી આગામી એક સપ્તાહમાં વધી જશે.

મુખ્યમંત્રીએ એમ પણ જણાવ્યું કે, સમગ્ર રાજ્યમાં આગામી તા. ૨૫, ૨૬ અને ૨૭ના રોજ મોટા પ્રમાણમાં લગ્નગાળો છે. તેમાં કોવિડની એસઓપીનું પાલન થાય તે જોવાની જેતે વિસ્તારના પોલીસ સ્ટેશનને જવાબદારી સોંપવામાં આવી છે. જો લગ્નમાં નિયત કરતા વધુ ભીડ જોવા મળશે, તો જવાબદાર પોલીસ અધિકારી સામે પણ પગલાં લેવામાં આવશે.

રૂપાણીએ કહ્યું કે, દાહોદ જિલ્લામાં જે વિસ્તારોમાંથી વધુ કોરોનાના કેસો મળી આવે છે, ત્યાં ટેસ્ટ, ટ્રેસિંગ અને આઇસોલેટ કાર્યમંત્રને આધારે લોકસહકારથી ઘનિષ્ઠ આરોગ્ય ચકાસણીની ઝૂંબેશ હાથ ધરવામાં આવશે. દર્દીઓને આરોગ્યલક્ષી દવાઓની કિટ્સ પણ આપવામાં આવશે. કન્ટેઈન્મેન્ટ ઝોનના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા માટેની સ્થાનિક પ્રશાસનને સૂચના આપવામાં આવી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ એમ પણ જણાવ્યું કે દાહોદના ગ્રામ્ય વિસ્તારમાં પણ કોરોનાના કેસોનું પ્રમાણ વધુ પ્રમાણમાં જોવા મળે છે. તેથી, ગ્રામ્યકક્ષાએ સેવા આપતા તબીબો પણ કોવિડ હેલ્થ સેન્ટર શરૂ કરે તેવી કાર્યવાહી કરવા માટે તંત્રને સૂચના આપવામાં આવી છે.

તેમણે દાહોદના નાગરિકોને બિનજરૂરી ઘરની બહાર ના નીકળવા અને સમયસર વેક્સીન લઈ લેવા અપીલ પણ કરી હતી. તેમણે જનપ્રતિનિધિઓને પણ લોકઆરોગ્યની સુરક્ષાના અભિયાનમાં જોડવવા માટે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બેઠકમાં જિલ્લાની કોવીડ પરિસ્થિતિ અંગે ઉચ્ચ અધિકારીઓ સાથે વિગતે સમીક્ષા કરી હતી. મુખ્યમંત્રીને જિલ્લામાં ડેડીકેટેડ હોસ્પીટલ્સ, બેડસની ઉપલબ્ધતા, રેમડેસિવિર ઈન્જેક્શન, એન્ટીજન ટેસ્ટ કીટ, લોજીસ્ટીક્સ સહિતની તમામ બાબતો અંગે તલસ્પર્શી માહિતી આપવામાં આવી હતી. મુખ્યમંત્રી સમક્ષ જિલ્લાની કોવીડ સ્થિતિ અંગે સ્પષ્ટ અને સર્વગ્રાહી ચિત્ર રજૂ કરવામાં આવ્યું હતું.

જે મુજબ દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ સાડા ત્રણ લાખથી પણ વધુ કોવીડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ટેસ્ટ પોઝિટિવીટી રેટ ૧.૧૦ ટકા છે. જયારે જિલ્લામાં કોવીડ દર્દીઓનો ડિચાર્જ રેટ ૮૯.૦૯ ટકા છે. કોરોના કેસો ડબલ થવાનો સમયગાળો ૧૫૩ દિવસ રહ્યો છે. જયારે કેસ ફેટાલીટી રેટ ૦.૧૬ છે. કોરોનાના કેસ દીઠ કરવામાં આવતા કોન્ટેક્ટ ટ્રેસીંગની સંખ્યા સરેરાશ ૨૦૬ છે. જે રાજયમાં સૌથી વધુ કોન્ટેક્ટ ટ્રેસીંગ રેશીયો પૈકીનો એક છે.

જયારે કોવીડનો કમ્પાઉન્ડ ડેઈલી ગ્રોથ રેટ ૧.૪૭ ટકા રહ્યો છે. પ્રતિ ૧૦ લાખ વ્યક્તિએ દૈનિક ધોરણે ૧૧૭૨ લોકોના ટેસ્ટ કરાઈ રહ્યાં છે. કોવીડની બીજી લહેરમાં દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ટેસ્ટ, ટ્રેસ અને આઈસોલેટના કાર્યમંત્ર ઉપર કામગીરી કરવામાં આવી રહી છે. છેલ્લા ૧૮ દિવસમાં આરોગ્ય વિભાગ દ્વારા ૫૬૬૪૭ લોકોનું સેમ્પલ કલેકશન કરવામાં આવ્યું હતું. જેમાંથી પોઝિટિવીટી રેટ ૧.૨૫ ટકા રહ્યો છે.

જિલ્લામાં કુલ ૨૬૫૪ ટીમ દ્વારા ૪.૨૦ લાખ લોકોથી વધુનું સીધું સર્વેલન્સ કરવામાં આવ્યું છે. જેમાંથી ૨૩૧૧ લોકોને કોવીડ લક્ષણો જણાયા હતા. સર્વેલન્સને આધારે કુલ ૨૪૭૨ લોકોનો એન્ટીજન ટેસ્ટ અને ૧૪૧૭ લોકોનો આરટીપીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યો હતો. હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ ૨૬૪૨૩૫ લોકોનો, જયારે પીન્ક એરીયામાં ૭૨૮૬૮ લોકોનો, એમ્બર એરીયામાં ૨૦૫૬૫ લોકોનો, કન્ટેઈન્મેન્ટ ઝોનમાં ૪૨૯૪૫ લોકોનો સર્વેલન્સ કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત બોર્ડર સ્ક્રિનિંગ ૧૭૯૩ લોકોનો, ધન્વંતરિ રથ દ્વારા ૫૪૫૮ લોકોનું સર્વેલન્સ કરવામાં આવ્યું હતું. સરકારી દવાખાનાઓ ૫૦૭૨ લોકોની અને ખાનગી હોસ્પીટલમાં ૬૨૮૬ લોકોની ઓપીડી કરવામાં આવી હતી. બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન વગેરે સ્થળે સુપરસ્પ્રેડર હોય તેવા ૧૨૨૨ લોકોનું સર્વેલન્સ હાથ ધરાયું હતું.

જિલ્લામાં કુલ ૫૫ ધન્વંતરિ રથ દ્વારા દૈનિક ધોરણે કરવામાં આવતી ઓપીડી સરેરાશ ૧૫૧ છે. ધન્વંતરિ રથ દ્વારા કુલ ૧૬૧૧ લોકોના એન્ટિજન ટેસ્ટ કરવામાં આવ્યા છે. જયારે ૪૨૭ લોકોને સારવાર અર્થે રીફર કરવામાં આવ્યા છે.

જિલ્લાની ઝાયડસ મેડીકલ કોલેજ અને હોસ્પીટલ, અર્બન રળિયાતી હોસ્પીટલ, રેલ્વે હોસ્પીટલમાં કુલ ૪૩૬ બેડની કેપિસીટી છે. જયારે જિલ્લાની ૨૨ ખાનગી હોસ્પીટલમાં ૫૬૨ બેડની કેપિસીટી છે. જેમાંથી સરકારી હોસ્પીટલમાં કુલ ૧૨૯ આઈસીયુ બેડ અને ખાનગી હોસ્પીટલમાં ૯૧ આઈસીયુ બેડ એમ કુલ ૨૨૦ આઈસીયુ બેડ છે. તેમાંથી કુલ ૪૪ માં વેન્ટીલેટર અને ૩૭ માં બાઈપેપની સગવડ છે.

જિલ્લામાં ઉક્ત ત્રણ સરકારી હોસ્પીટલમાં ૨૪૪ ઓક્સીજન બેડ અને ખાનગી હોસ્પીટલમાં ૨૧૪ ઓક્સીજન બેડ એમ કુલ ૪૫૮ ઓક્સીજન બેડ છે. ઉપરાંત ઉક્ત સરકારી હોસ્પીટલમાં ૬૩ અને ખાનગી હોસ્પીટલમાં ૨૫૭ એમ કુલ ૩૨૦ નોર્મલ બેડ છે. જિલ્લાના વિવિધ તાલુકાઓમાં ૧૦ કોવીડ હેલ્થ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. જેમાં ૧૧૦ બેડ ઉપલબ્ધ છે. જયારે દાહોદ સહિત અન્ય તાલુકાઓના ૯ કોવીડ કેર સેન્ટરમાં ૬૩૮ બેડ ઉપલબ્ધ છે.

નાગરિકોને કોરોના અંગેની માહિતી મળી રહે તે માટે ૨૪સ૭ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. જયાં બેડની ઉપલબધતા, કોરોનાની દવા, રસીકરણ કેન્દ્ર તેમજ ટેસ્ટીંગ સેન્ટર સહિતની માહિતી આપવામાં આવે છે. ઉપરાંત કોલ સેન્ટર દ્વારા કોલ કરીને હોમ આઈસોલેટ દર્દીઓ, એકટીવ-ડિસ્ચાર્જ દર્દીઓ, સગર્ભા-ધાત્રી માતાઓનું ફોલો અપ લેવામાં આવે છે. આ રીતે અત્યાર સુધીમાં ૪૯૩૬ કોલ કરવામાં આવ્યા છે. કોવીડ ડેડીકેટેડ હોસ્પીટલ, કોવીડ કેર સેન્ટર સાથે આ કોલ સેન્ટરનું સતત સંકલન રાખવામાં આવે છે.

કોવીડની બીજી લહેરમાં સંક્રમણને રોકવા દાહોદ જિલ્લા પોલીસે માસ્ક પહેરવા માટે સકારાત્મક ઝુંબેશ હાથ ધરી હતી અને ૯૯૯૩૧ લોકોને નિઃશુલ્ક માસ્ક આપ્યા છે. લોકડાઉન અને અનલોકના વિવિધ તબક્કાઓમાં અત્યાર સુધીમાં ૩૨૨૫ લોકો સામે વિવિધ કલમો હેઠળ જાહેરનામા ભંગના ગુના નોંધવામાં આવ્યા છે.

જિલ્લામાં કોવીડ રસીકરણ અભિયાન અંતર્ગત ૨૭૨૧૬૬ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અપાયો છે. જયારે તેમાથી ૬૮૪૧૬ લોકોને વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ડોર ટુ ડોર સર્વેલન્સ વધારીને કોવિડના દર્દીઓને સમયસર ટ્રેસ કરી લેવા આરોગ્ય વિભાગને સૂચના આપી હતી. આ ઉપરાંત, દાહોદ જિલ્લાની જરૂરિયાત આરોગ્યલક્ષી સાધન સુવિધા પૂરી પાડવામાં આવશે, તેમ પણ કહ્યું હતું. આ બેઠકમાં તેમણે ઝાયડ્સ હોસ્પિટલમાં સિટી સ્કેન તત્કાલ શરૂ કરવા પણ કહ્યું હતું.

આ બેઠકમાં રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ, સાંસદ જસવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, ધારાસભ્ય રમેશભાઈ કટારા, નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, અગ્રણી શંકરભાઈ અમલિયાર, મુખ્યસચિવ અનિલ મુકીમ, ખાસ ફરજ પરના અધિકારી રાજકુમાર બેનીવાલ, રેન્જ ડીઆઈજી એમ. એસ. ભરાડા, કલેક્ટર વિજય ખરાડી, પોલીસ અધીક્ષક હિતેશ જોયસર, જિલ્લા વિકાસ અધિકારી રચિત રાજ સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દાહોદમાં ૩ લાખથી વધુ કોવિડ ટેસ્ટ કરાયા

જે મુજબ દાહોદ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ સાડા ત્રણ લાખથી પણ વધુ કોવીડ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જેમાંથી ટેસ્ટ પોઝિટિવીટી રેટ ૧.૧૦ ટકા છે. જયારે જિલ્લામાં કોવીડ દર્દીઓનો ડિચાર્જ રેટ ૮૯.૦૯ ટકા છે. કોરોના કેસો ડબલ થવાનો સમયગાળો ૧૫૩ દિવસ રહ્યો છે. જયારે કેસ ફેટાલીટી રેટ ૦.૧૬ છે. કોરોનાના કેસ દીઠ કરવામાં આવતા કોન્ટેક્ટ ટ્રેસીંગની સંખ્યા સરેરાશ ૨૦૬ છે. જે રાજયમાં સૌથી વધુ કોન્ટેક્ટ ટ્રેસીંગ રેશીયો પૈકીનો એક છે. જયારે કોવીડનો કમ્પાઉન્ડ ડેઈલી ગ્રોથ રેટ ૧.૪૭ ટકા રહ્યો છે. પ્રતિ ૧૦ લાખ વ્યક્તિએ દૈનિક ધોરણે ૧૧૭૨ લોકોના ટેસ્ટ કરાઈ રહ્યાં છે. કોવીડની બીજી લહેરમાં દાહોદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ટેસ્ટ, ટ્રેસ અને આઈસોલેટના કાર્યમંત્ર ઉપર કામગીરી કરવામાં આવી રહી છે. છેલ્લા ૧૮ દિવસમાં આરોગ્ય વિભાગ દ્વારા ૫૬૬૪૭ લોકોનું સેમ્પલ કલેક્શન કરવામાં આવ્યું હતું. જેમાંથી પોઝિટિવીટી રેટ ૧.૨૫ ટકા રહ્યો છે.

# દે.બારીયા સરકારી દવાખાનામાં કોરોના દર્દીનું મોત થતાં સગાઓ દ્વારા હોબાળો

- હોસ્પિટલ સ્ટાફને સળીયો મારી ઈજાઓ કરી.
- કોરોનાગ્રસ્ત મૃતકના મૃતદેહને સાથે લઈ જઈ સંક્રમણ ફેલાવતા ફરિયાદ.

દાહોદ,
દેવગઢબારિયા નગરમાં આવેલ સરકારી દવાખાના ખાતે એક ચકચારી બનાવ સામે આવ્યો છે જેમાં કોરોનાગ્રસ્ત દર્દીનું મોત થતાં પરિવારજનો દ્વારા હોસ્પિટલ ખાતે ભારે હોબાળો મચાવ્યો હતો અને હોસ્પિટલના એક સ્ટાફગણને લોખંડનો તજિંઝહ મારી શરીરે ઈજા પહોંચાડી ભારે ધીંગાણું મચાવ્યા બાદ કોરોનાગ્રસ્ત મૃતક દર્દીને સાથે લઈ જઈ કોરોના સંક્રમણનો ફેલાવો કરી અને બીજાની જિંદગી જોખમમાં મુકતા આ સંબંધે પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

દેવગઢ બારીયા તાલુકામાં રહેતા ગીરીશભાઈ પ્રભાતભાઈ રાવળ કોરોનાગ્રસ્ત હોય તેઓને પરિવારજનો દ્વારા દેવગઢ બારિયાની સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જયાં આ ગીરીશભાઈ સારવાર પણ ચાલતી હતી. સારવાર દરમિયાન ૧૮મી એપ્રિલના રોજ ગીરીશભાઈનું મોત નીપજ્યું હતું. આ બાબતે મૃતક ગિરિશભાઈના સગા સંબંધીઓ દ્વારા દેવગઢબારિયાની સરકારી હોસ્પિટલ ખાતે આવી ભારે ધીંગાણું ચાવ્યું હતુ અને ગીરીશભાઈને તમે મારી નાખે છે, એવા આક્ષેપો કરી બેફામ ગાળો બોલતા હતા અને કોરોના વોર્ડમાં ઘુસી જઈ લોખંડનું stool આ દવાખાનામાં ફરજ બજાવતા કર્મચારી એવા આકાશભાઈ દેવેન્દ્રકુમાર ગુપ્તાને મારતા આકાશભાઈ ઢીચણના નીચેના ભાગે ઈજાઓ પહોંચી હતી હાલ જ્યારે વિશ્વભરમાં કોરોનાનો કેર છે. ત્યારે આવા સમયે મૃતક ગીરીશભાઈને તેમના પરિવારજનો દ્વારા હોસ્પિટલમાં ભારે હોબાળો મચાવી કોરોનાગ્રસ્ત લાશને સાથે લઈ જઈ બીજાઓની જિંદગી જોખમમાં મુકાય તે રીતે ચેપનો ફેલાવો કર્યો હતો અને સરકારી કામકાજમાં રૂકાવટ ઊભી કરતા આ સંબંધને હોસ્પિટલના કર્મચારી એવા આકાશભાઈ દેવેન્દ્રકુમાર ગુપ્તા દ્વારા આ સબંધે દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ફતેપુરાના ડુંગર ગામે યુવકે અગમ્યકારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,
ફતેપુરા તાલુકાના ડુંગર ગામે જંગલ વિસ્તારમાં એ ઝાડ સાથે એક યુવકે અગમ્ય કારણોસર દોરડા વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ડુંગર ગામે રહેતા એક ૨૨ વર્ષિય યુવક અનિલભાઈ શંકરભાઈ પારગીએ ગત તારીખ ૧૮મી એપ્રિલના રોજ પોતાના ઘર નજીક આવેલ જંગલ વિસ્તારમાં એક ઝાડ સાથે દોરડુંબાંધી અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. ઘટનાને પગલે સ્થળ પર પણ લોકો ઉમટી પડ્યા હતા અને ઘટનાની જાણ પોલીસને કરાતા પોલીસ કાફલો પણ સ્થળ પર દોડી જઈ મૃતકની લાશને ઝાડ પરથી નીચે ઉતારી નજીકના દવાખાને ખાતે પીએમ અર્થે મોકલી દીધી હતી. આ સંબંધે ડુંગર ગામે રહેતા અને મૃતકના સ્વજન એવા શંકરભાઈ નાથાભાઈ પારગીએ આ સંબંધે ફતેપુરા પોલીસ મથકે જાણવાજોગ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૯૩ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા



દાહોદ,
દાહોદ જિલ્લામાં આજે પણ રેકોર્ડ બ્રેક કોરોના દર્દીઓ સામે આવ્યાં છે. આજે એકજ દિવસમાં ૯૩ કોરોના સંક્રમીત દર્દીઓ નોંધાયાં છે. આ સાથે કોરોનાનો કુલ આંકડો ૪૦૫૧ને પાર કરી ચુક્યો છે. ત્યારે આજે વધુ ૦૫ દર્દીઓએ કોરોનાથી દમ તોડી મોતને ભેટતાં જિલ્લામાં કોરોનાથી કુલ મૃત્યું આંક ૧૬૬ને પાર કરી ચુંક્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૯૮૯ પૈકી ૭૨ અને રેપીટ ટેસ્ટના ૨૨૧૦ પૈકી ૨૧ મળી આજે કુલ ૯૩ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૯૩ પૈકી દાહોદ અર્બનમાંથી ૨૦, દાહોદ ગ્રામ્યમાંથી ૧૨, ઝાલોદજ અર્બનમાંથી ૧૪, ઝાલોદ ગ્રામ્યમાંથી ૨૭, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૨, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૩, લીમખેડામાંથી ૦૫, સીંગવડમાંથી ૦૩, ગરબાડામાંથી ૦૩, ધાનપુરમાંથી ૦૧, ફતેપુરમાંથી ૦૨ અને સંજેલીમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. વધતાં કેસોની સામે રાહતના સમાચાર એ પણ છે કે, રોજેરોજ કોરોનાથી સાજા થતાં દર્દીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આજે એકસાથે ૩૮ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી ત્યારે એક્ટીવ કેસોની સંખ્યા વધતાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે અત્યાર સુધી જિલ્લામાં કુલ ૫૧૭ લોકો કોરોનાની સારવાર લઈ રહ્યાં છે. આજે ગુજરાતના મુખ્યમંત્રી દાહોદની મુલાકાતે આવ્યાં હતાં અને વધતાં કોરોના કેસોનો તાજ મેળવી જરૂરી સુચનો સહિત આયોજન પણ કરવાના આદેશો આપવામાં આવ્યાં છે.

**દાહોદમાં કોરોનાના કેસની સંખ્યા**

: અર્બન વિસ્તારો :
દાહોદ-૨૦
ઝાલોદ-૧૪
દે.બારીઆ-૦૨

: ગ્રામ્ય વિસ્તારોમાં :
દાહોદ-૧૨
ઝાલોદ-૨૭
દે.બારીયા-૦૩
લીમખેડા-૦૫
સીંગવડ-૦૩
ગરબાડા-૦૩
ધાનપુર-૦૧
ફતેપુરા-૦૨
સંજેલી-૦૧

# ઝકાતની ફિલસૂફી

વર્ષ દરમ્યાન જગતમાં મિલીયમ ડોલર, અબજો ભારતીય જકાતના સ્વરૂપે વહેંચાય છે. છતાં કોઈપણ સૈયદ તેમાનો એક રૂપીયાને પણ સ્પર્શી શકતો નથી. ગમે તેવી ગરીબ કે અછતની પરિસ્થીતીમાં પણ હુઝૂરની ઔલાદ જકાત લઈ શકતી નથી. જોકે સર્વે ઉમ્મતો હુઝુરની ગુલામ છે અને એ ગુલામની ધન દોલત હુઝુરના પવિત્ર પરિવારના સભ્યો વાપરે તો એમાં વાંધાજનક શું હતું ? છતા જકાત લેવી સૈયદ સાદાતને માટે હરામ કરાવી સૈયદે કાર્યનાતે બાતિલોને એવો જડબાતોડ જવાબ આપ્યો છે કે, કોઈ દિવસ યુહદી નસારા કે રસુલના દુશ્મનો આ દાવો નકકી કરી શકે હુઝુર પોતાના કુટુંબીજનોના પાલન પોષણ અર્થે ઈસ્લામ લાવ્યા.

ગૈર સૈયદ ગરીબની હાલતમાં જકાત લઈ શકે છે. પરંતુ સૈયદ કોઈપણ સંજોગોમાં જકાત લઈ શકતો નથી. તો જ્યારે શરીઅત અનુસાર જકાત લેવામાં ગૈર સૈયદ આલે રસુલની બરાબર થઈ શકતો નથી. તો પછી રસુલની બરાબરી કેવી રીતે થઈ શકે ? વલી હુઝુર નતો જકાત લઈ શકે છે ન જકાત આપી શકે કહેવાય છે કે પૈસાની અશુદ્ધિ દુર કરવાની કયાંથી ? વળી પોતાના ગુલામોને જકાત આપવાથી જકાત સદા થતી નથી તો હુઝુર જકાત આપે તો કોને આપે ? સર્વ ઉમ્મતતો આપની ગુલામ છે એટલે આલે રસુલ પર આર્થિક રીતે સધ્ધર થતા જકાત વાજીબ છે. જ્યારે રસુલ પર નથી. પરિણામે સામાન્ય ઉમ્મતી જકાત લેવામાં આલે રસુલની બરાબર નથી તો પછી સામાન્ય માનવી અને રસુલ બરાબર હોવાની કલ્પના કેટલી પોકળ છે તે સમજી શકાય છે.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

**તા.૨૧/૪/૨૧ ચાંદ-૮ માહે રમઝાન**
**ખત્મે શહેરી ૪:૪૬ સવારે.**
**વકતે ઈફતાર ૭:૦૨ સાંજનો સુર્યાસ્ત.**
**આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.**

# દાહોદ જિલ્લાના ફતેપુરામાં DJ વગાડવા બાબતે પોલીસને હપ્તો આપવાનો ઓડિયો થયો વાઈરલ

ફતેપુરા,
ફતેપુરા તાલુકા સહિત દાહોદ જિલ્લામાં કોરોના સંક્રમણ અટકાવવા બાબતે દાહોદ જિલ્લા કલેકટર વિજય ખરાડી દ્વારા ડીજે વગાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો જ્યારે ફતેપુરામાં ડીજે વગાડવા ૧૫ હજાર રૂપિયા પોલીસને આપવા પડે તેવો ઓડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ફતેપુરા તાલુકાના દાહોદ જિલ્લામાં દિન-પ્રતિદિન કોરોના સંક્રમણનો વધારો નોંધાઈ રહ્યો છે. જિલ્લા વહીવટીતંત્ર સંક્રમણને અંકુશમાં લેવા માટે ધમપછાડા કરે છે. હાલમાં મહામારી ચાલી રહી છે જેમાં ડીજેમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થતાં હોવાથી જિલ્લા કલેકટર વિજય ખરાડી દ્વારા ડીજે વગાડવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જેમાં ફતેપુરામાં લગ્ન પ્રસંગોમાં ડીજે વગાડવા માટે પોલીસને ૧૫ હજારનો હપ્તો આપવાનો છે.તેવો ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. ફતેપુરા તાલુકા ભાજપ પાર્ટી પ્રમુખ, પોલીસ મથકનો વહીવટદાર કપિલ, ફતેપુરા તાલુકા સભ્ય વચ્ચે ડીજે વગાડવા માટે હપ્તો આપવાની પરમિશન લીધી છે. અને પોલીસ દ્વારા છૂટ આપવામાં આવી છે કોઈ કેસ કરવામાં નહિ આવે જે લોકો કોઈ હપ્તો નથી આપ્યો તેઓ સામે પોલીસ કાર્યવાહી કરશે જે બાબતની વાતચીતનો ઓડિયો ક્લિપ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ હતી.જેને લઈને ખળભળાટ મચી જવા પામ્યો છે.

ફતેપુરા પોલીસ મથક નો વહીવટદાર કપિલ પ્રજાને ગેરમાર્ગે દોરી રહ્યો છે. ડીજે વગાડવા માટે પંદર હજાર રૂપિયા નક્કી કરી અને પરમીશન આપે છે. કલેક્ટર દ્વારા પ્રતિબંધ કરાયો છે તો આ વહીવટદારને સત્તા કોણે આપી? બધા માટે નિયમો સરખા હોવા જોઈએ. પોલીસ વહીવટદાર પ્રજાને લુંટી રહ્યો છે. તેની સામે તપાસ થવી જોઈએ.
રામાભાઈ કોદરભાઈ પારગી (તાલુકા ભાજપ પ્રમુખ ફતેપુરા)

ડીજે વગાડવાનું પ્રતિબંધ કરાયેલો છે. પોલીસ દ્વારા કોઈ હપ્તા વિશે વાત થઈ નથી.પોલીસને બદનામ કરવા માટે નુ કાવતરૂ છે. જે બાબતની તપાસ ચાલુ છે.
સી.બી બરંડા (PSI ફતેપુરા)

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 202

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા શહેરમાં વિકેન્ડ શુક્ર, શનિ, રવિ સ્વૈચ્છિક લોકડાઉન

**-સોમવાર થી ધંધા રોજગાર સવારે ૬ થી ૨ વાગ્યા સુધી ખુલ્લા રહેશે.**
**- જીલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં વેપારીઓ સાથેની મીટીંગ નિર્ણય લેવાયો.**



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, પંચમહાલ જીલ્લાના મુખ્ય મથક ગોધરા શહેરમાં કોરોનાની બીજી લહેરમાં સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. જેને જોતાં આજરોજ જેમાં શુક્ર, શનિ અને રવિવારના રોજ વેપારીઓ સાથે બેઠક મળી હતી. જેમાં શુક્ર, શનિ અને રવિવારના રોજ બજારો સ્વૈચ્છિક બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જયારે સોમવાર થી ગોધરાના વેપાર ધંધાઓ સવારે ૬ વાગ્યા થી બપોરના ૨ વાગ્યા સુધી ખુલ્લા રહેશે.

કોરોના મહામારીમાં કોરોનાની બીજી લહેર ઘાતક રીતે લોકોને પોતાના ભરડામાં લઈ રહી છે. કોરોનાના બીજા સ્ટ્રેનમાં કોરોનાની બદલાયેલ પેટ્રન સાથે સંક્રમણ ઝડપથી લોકોમાં ફેલાઈ રહ્યું છે. પંચમહાલ જીલ્લામાં પ્રતિદિન કોરોનાના સંક્રમિત દર્દીઓમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. તે જોતાં આજરોજ જીલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટરની અદયક્ષતામાં વેપારીઓ સાથે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં ધારાસભ્ય સી.કે.રાઉલજી, જીલ્લા પ્રમુખ, નગર પાલિક, પ્રમુખ હાજર રહ્યા હતા. વેપારીઓ સાથે કોરોના મહામારીમાં બીજા સ્ટ્રેનમાં સંક્રમણ ઝડપ થી વધી રહ્યું છે. ત્યારે લોકો વધુ સંક્રમિત ન થાય તેને દયાનમાં રાખીને ગોધરા શહેરમાં શુક્રવાર, શનિવાર અને રવિવારના રોજ સ્વૈચ્છિક લોકડાઉનનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જ્યારે સોમવાર ૨૬ એપ્રિલના રોજની ગોધરા શહેરના વેપાર ધંધાના સમય નકકી કરવામાં આવ્યો છે. સોમવાર થી સવારે ૬ થી ૨ વાગ્યા પછી ધંધા રોજગાર બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગોધરા શહેરના વેપારીઓ દ્વારા કોરોના સંક્રમણના વધતા જતાં કેસોને દયાનમાં રાખીને ધંધા રોજગારના સમયમાં ફેરફાર કરીને લોકોને સક્રમણ થી બચાવવાના વહીવટી તંત્રના પ્રયાસને સહકાર આપવામાં આવ્યો છે.

# પંચમહાલ જીલ્લામાં આજે ૭૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા




ગોધરા, પંચમહાલ જીલ્લાના કોરોના સંક્રમણના કેસમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. જીલ્લા માટે કોરોનાની બીજી લહેર ઘાતક નિવડી રહી છે. બીજા સ્ટ્રેનના કોરોના સંક્રમણમાં મોતનો જે ગતિથી વધી રહ્યો છે. જેને લઈ આરોગ્ય વિભાગ સહિત વહીવટી તંત્ર ચિંતીત જોવા મળી રહ્યું છે. કોરોનાની પ્રથમ લહેરમાં જે કોરોના સંક્રમણ શહેરી વિસ્તારોમાં જોવા મળી રહ્યું હતું. તે હવે બીજા સ્ટ્રેનમાં ગ્રામ્ય વિસ્તારોમાં ફેલાઈને ભરડો લઈ રહ્યું છે. કોરોના સંક્રમિત દર્દીઓને લઈ કોવિડ સરકારી હોસ્પિટલો તેમજ સરકાર દ્વારા નિયત કરેલ કોવિડ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ વધી રહ્યા છે. જેની સાથે કોરોના સંક્રમિત દર્દીઓની રીકવરી રેટ ખૂબ ઓછો જોવા મળી રહ્યો છે. પંચમહાલ જીલ્લામાં આજરોજ ૭૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જ્યારે કોરોનામાં બે વ્યકિતઓના મોત પણ થયા છે. ત્યારે જીલ્લાવાસીઓ કોરોનાની મહામારી થી સંક્રમિત થતા બચવા માટે માસ્કનો ઉપયોગ કરે તેમજ સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરે તે જરૂરી છે.

ગુજરાત રાજયમાં કોરોના મહામારીની બીજી લહેરમાં કોરોના સંક્રમણ ઝડપી ફેલાઈ રહ્યું છે. રાજયમાં જે ગતિથી કોરોના સંક્રમણના કેસ વધી રહ્યા છે. તેને લઈ કોવિડ હોસ્પિટલોમાં બેડ પણ ખુટી પડયા છે. કોરોનાના બીજા સ્ટ્રેનમાં કોરોના સંક્રમિત થતા દર્દીઓમાં ઓકસીજનની વધારે તકલીફ જોવા મળી રહી છે. જેને લઈ રાજય સહિત દેશભરમાં ઓકસીજનની બુમો ઉઠવા પામી છે. કોરોના મહામારીની બીજી લહેર ગુજરાત રાજય સહિત પંચમહાલ જીલ્લામાં ઘાતક બનીને અજગરી ભરડો લીધો છે. પ્રતિદિન જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા વધી રહી છે. તેમાં પણ કોરોના સંક્રમણમાં મૃત્યુઆંક પણ વધી રહ્યો છે. હાલ કોરોનાની બીજી લહેર ઘાતક રીતે લોકોને સંક્રમણના ભરડામાં લઈ રહી છે. તેમ છતાં લોકોમાં કોરોના મહામારીની ગંભીરતા લઈ રહ્યા નથી. માસ્ક પહેરવાનું ટાળી રહ્યા નથી. પરિણામે કોરોના સંક્રમણનો ભોગ બની રહ્યો છે. કોરોના સક્રમણના બીજા સ્ટ્રેનમાં હાલ જે કોરોના દર્દીઓ સંક્રમિત થઈ રહયા છે. તે આંક આવનાર સમયમાં વધી શકે છે. ત્યારે લોકો કોરોના સંક્રમણ થી બચવા માટે માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરે તે જરૂરી છે. પંચમહાલ જીલ્લામાં આજ રોજ ૭૭ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જેમાં શહેરી વિસ્તારોમાં ગોધરા-૩૧, હાલોલ-૪, કાલોલ-૧, શહેરા-૧ જયારે ગ્રામ્ય વિસ્તારોમાં ગોધરા-૬, હાલોલ-૧, ઘોઘંબા-૨૨, મોરવા(હ)-૬, જાંબુઘોડા-૧, શહેરા-૪ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. જીલ્લામાં કોરોનાની સારવાર લઈ રહેલા બે દર્દીઓના મોત નિપજાવા પામ્યા છે. હાલ કોરોનાની સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી ૨૧ દર્દીઓ સાજા થતાં રજા આપવામાં આવી છે. જીલ્લામાં વધતા જતાં કોરોના સંક્રમણને લઈ આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર ચિંતા સાથે ઉભી થનાર આરોગ્યલક્ષી સેવાઓને વધારો કરવા માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

**પંચમહાલમાં કોરોનાના કેસની સંખ્યા**

| |
|---|
| **: શહેરી વિસ્તાર :** |
| ગોધરા-૩૧ |
| હાલોલ-૦૪ |
| કાલોલ-૦૧ |
| શહેરા-૦૧ |
| **: ગ્રામ્ય વિસ્તારો :** |
| ગોધરા-૦૬ |
| હાલોલ-૦૧ |
| ઘોઘંબા-૨૨ |
| મોરવા(હ)-૦૬ |
| જાંબુઘોડા-૦૧ |
| શહેરા-૦૪ |
| સક્રિય કેસ-૬૨૩ |
| સજા થતા રજા અપાઈ -૨૧ |
| મૃત્યુઆંક-૦૨ |

# ઘોઘંબાના ઝોઝ ગામે BJP નેતાનો પુત્ર કોરોના સંક્રમિત હોવાની લોકચર્ચા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના ઝોઝ ગામે બીજેપીના નેતા અને તાલુકા પંચાયતના ઉપપ્રમુખના પુત્રના લગ્ન પ્રસંગમાં કોરોના મહામારીમાં કોવિડ ગાઈડ લાઈનના ધજાગરા ઉડાવતો વિડીયો વાયરલ થયો હતો. જેને લઈ બીજેપીની ફજેતી થવા પામી હતી. ઝોઝ ગામે બીજેપીના નેતાના પુત્રના લગ્ન પ્રસંગો હતો. તે વરરાજા પુત્ર કોરોના સંક્રમિત હતા પરંતુ યેનકેન પ્રકારે જાહેર કરવામાં આવ્યા ન હતા. તેવી ચર્ચાઓ ઘોઘંબા પંથકમાં જોર પકડયું છે.

કોરોના મહામારીમાં કોરોનાની બીજી લહેરની ઘાતક અસર અને સંક્રમણ ઝડપી થી ફેલાતું હોવાને લઈ કોવિડ ગાઈડ લાઈન મુજબ લગ્ન પ્રસંગો, અવસાન જેવા કિસ્સાઓમાં નિયત વ્યકિત ભેવી કરવા માટે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. લગ્ન પ્રસંગમાં ૫૦ આમંત્રિત વ્યકિતની છુટ આપવામાં આવી છે. તેમ છતાં ઘોઘંબા તાલુકાના ઝોઝ ગામે રહેતા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ છેલુભાઈ રાઠવાના પુત્રના લગ્ન પ્રસંગમાં રાજકીય વગના જોરે કોઈ પણ જાતના કોરોના નિયમોનું પાલન કરવામાં આવ્યું ન હતું અને હજારોની સંખ્યામાં લોકોને ભેગા કરીને ડી.જે.ના તાલે નાચતા ફરતા હોય તેવા વિડીયો સોશ્યલ મીડીયામાં ફરતો થયો હતો અને ટી.વી.ચેનલોમાં બીજેપીના તેના દ્વારા કોરોના ગાઈડ લાઈનનો ભંગ કરીને કોરોના નિયમોના ધજાગરા ઉડાવી રહ્યોછે. તેવા અહેવાલ બાદ બીજેપીના માટે ફજેતી થઈ હતી અને આખરે કોરોના ગાઈડ લાઈનના ભંગ માટે પોલીસ ફરિયાદ નોંધી વ્યકિતઓની ધરપકડ કરવામાં આવી હતી. ઝોઝ ગામે બીજેપીના નેતાના પુત્રના લગ્ન પ્રસંગમાં કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવામાં આવ્યું ન હતું. તે વરરાજા પુત્ર કોરોના પોઝીટીવ હતા. તેવી ચર્ચાઓ ઘોઘંબા પંથકમાં ચર્ચાના એરણે છે. કોરોના સંક્રમિત હોવા છતાં લોક્ટોળા ભેગા કરવામાં આવ્યા હતા. તેવી ચર્ચાઓ ઘોઘંબા પંથકમાં વહેતી થતાં લગ્ન પ્રસંગમાં હાજર રહેલા અને વરરાજાના સંપર્કમાં આવેલ લોકો કોરોના ટેસ્ટ કરવાની શરૂઅત કરી છે.


# વેજલપુર ગ્રામ પંચાયત પીવાનું પાણી પુરૂ પાડવામાં નિષ્ફળ : પાણી માટે વલખાં મારતા ગ્રામજનો



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર, વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જલ સે નલ યોજના અમલમાં મુકવામાં આવેલ છે અને આ યોજનામાં દરેક લોકોને જલ સે નલ યોજનામાં ઘરે ઘરે પીવાનું શુદ્ધ પાણી ગ્રામજનો સુધી પહોંચાડવાનું હોય છે. ત્યારે દુનિયામાં આજે સવાર થી અમૂલ્ય ચીજ હોય તો તે શુધ્ધ પાણી છે અને જળ એજ જીવન છે. તેમ છતાં વેજલપુર ગામમાં નાના પટેલ વાડા વિસ્તારમાં કાદવ કીચડ્વાળું પાણી નળમાં આવે છે અને કેટલાક ઘરોમાં પીવાનું પાણી કેટલાક સમયથી મળતું ન હોવાથી નાના પટેલવાડા વિસ્તારના રહીશો અને મહિલાઓ સહિત ગ્રામ પંચાયતમાં પહોંચી જઈને હોબાળો મચાવ્યો હતો અને સરપંચ પતિ તલાટી પર ભારે રોષ સાથે સરપંચ પતિ અને તલાટી ઉપર સીધો આક્ષસેપ કર્યો હતો કે, તમારે માત્ર ગ્રાન્ટો વાપરવી છે અને ગામ નો વિકાસ કરવો નથી અનેક યોજનાઓ થી વંચિત વેજલપુર ગ્રામજનોને પીવાના પાણી માટે ભરઉનાળામાં ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. વેજલપુર ગ્રામ પંચાયત દ્વારા છેલ્લા બે મહિના થી મોટા મોહલ્લા હોળી ચકલા વિસ્તારમાં ગટર લાઈન અને પીવાના પાણીની પાઈપલાઈનનું કામ ચાલુ કરવામાં આવ્યું હતું અને આજ દિન સુધી કામ પુરૂ કરેલ ન હોવાથી કેટલાક લોકોની પીવાના પાણીની પાઈપલાઈન તૂટી ગઈ છે. બે મહિના કરતા વધુ સમય થી ગ્રામપંચાયત દ્વારા નાના પટેલ વાડા વિસ્તારમાં વિતરણ કરવામાં આવતા પીવાના પાણીમાં અસહ્ય દુર્ગંધ કીચડ સાથે ડોહળું પાણી વિતરણ કરવામાં આવતું હોય અને પીવાના પાણી સંદર્ભે સત્તાધીશોના કાન સ્થાનિકો દ્વારા વારંવાર આમળવા છતાં પરિણામ શૂન્ય આવતા પ્રચંડ લોકોમાં રોષ ફેલાયો છે. આજે આ વિસ્તારમાં મહિલાઓ અને રહીશો એકત્રિત થઈને ગ્રામ પંચાયતમાં જઈને રજુઆત કરી હતી. અમારા વિસ્તારમાં પીવાનું પાણી શુધ્ધ પાણી વિતરણ કરવા ઉગ્ર માંગ કરી હતી.

# શહેરામાં ત્રણ દિવસના લોકડાઉનના પગલે આજે બજારોમાં ભારે ભીડ જોવા મળી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરાના બજારોમા લગ્નસરાની સિઝનને લઈને ખરીદી કરવા માટે લોકોની ભારે ભીડ જોવા મળી હતી. બજારોમાં આવેલ અમુક દુકાનદારો એ તમાકુ સહિતના ભાવ પ્રિન્ટ કરતા વધુ લેતા હોવાની બૂમો ઉઠી હતી.કોરોનાનુ સંક્રમણ વધે નહિ તે માટે મંગળવારના ચાર વાગ્યાથી બુધ,ગુરૂ અને શુક્રવાર ત્રણ દિવસ સપૂર્ણ લોકડાઉન સાથે બજારો સંપૂર્ણ બંધ રહેનાર હોવાથી રોજીંદા કમાઈને ખાનાર લોકો ભારે ચિંતિત થઈ ઉઠ્યા છે.

શહેરા તાલુકામાં સતત કોરોના કહેર વચ્ચે લગ્નસરાની સિઝન હોવાથી ગ્રામીણ વિસ્તારમાંથી ખરીદી કરવા માટે બજારોમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી.બજારો મા હાલ પણ માસ્ક વગર અનેલ લોકો ફરતા જોવા મળવા સાથે સોશિયલ ડિસ્ટન્સનુ પાલન નહી થતું જોવા મળી રહ્યુ હતું. તાલુકા મથક ના મુખ્ય બજારો મંગળવારના ચાર વાગ્યાથી શુક્રવાર સુધી સંપૂર્ણ બંધ રહેવાના હોવાથી જીવન જરૂરિયાત સહિત કરિયાણા, કાપડની દુકાનોમાં લોકો ખરીદી કરતા નજરે પડ્યા હતા. સ્થાનિક વહીવટી તંત્ર પણ હવે એક્શન મા આવીને કોરોના નુ સંક્રમણ વધે નહી તે માટે કાર્યવાહી કરે તે પણ હાલની પરિસ્થિતિ ને જોતા અત્યંત જરૂરી લાગી રહયુ છે. વહેપારીઓ સ્વૈચ્છીક આવનાર ત્રણ દિવસો સુધી ધંધા રોજગાર સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય લીધો છે. ત્યારે હોલસેલ ના વેપારીઓ આ દિવસોમાં પાછલા દરવાજે ધંધો કરતા નજરે પડશે તો તંત્ર આ સામે આંખ આડા કાન કરશે કે પછી કડક કાર્યવાહી કરશે ? તેવા અનેક સવાલો નાના વેપારીઓમાં ચર્ચાનો મુદ્દો બની ગયો છે. મામલતદાર સહિત સબંધિત તંત્ર દ્વારા જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવ પ્રિન્ટ કરતાં વધુ લેવામાં નહીં આવે તે માટે તેઓ દ્વારા ખાનગી રાહે માહિતી મેળવીને ઓચિંતી તપાસ દુકાનોમાં હાથ ધરે તો ખરી હકીકત સાથે પ્રજાજનોને પણ ઓછા ભાવે ચીજવસ્તુઓ મળી શકે તો નવાઈ નહી.

# નવરચના શાળા ગોધરા દ્વારા માસ પ્રમોશન જાહેર થતાં બાળકો માટે અનોખો પ્રયોગ

ગોધરા, ગુજરાત સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓના બાળકો માટે આ વર્ષે કોરોનાના વધતાં કેસના દયાનમાં રાખી માસ પ્રમોશનની જાહેરાત કરેલ છે તે પરિપત્રનો અમલ કરી શાળા દ્વારા માસ પ્રમોશનની જાહેરાત કરેલ છે. આ સાથે સંસ્થાના દ્વારા બાળકો આ કપરા સમયમાં ઘરે રહી કઈંક નવું જાણે અને પોતાના જનરલ નોલેજ સાથે પ્રવૃતિમય રહે તે હેતુ સાથે આઓ હમ કુછ નયા કરે થીમ સાથે શાળાના ૨૬ શિક્ષકો દ્વારા ઓનલાઈન જાગૃતિ કાર્યક્મ અને જનરલ નોલેજ વિશે વિષય મુજબ અભ્યાસ અને પ્રવૃતિ કરી બાળકોના ઉત્સાહમાં વધારો કરવા બે મે માસ સુધીનો કાર્યક્મ જાહેર કરેલ છે.

બે માસના સમયપત્રક મુજબ શિક્ષકો દ્વારા ભાષા,ગણિત,વિજ્ઞાન,સામાજિક વિજ્ઞાન,મનોરંજન, વિશ્વની વિવિધ માહિતી,જનરલ નોલેજના કાર્યક્મો અને કોરોના જાગૃતિ સંદેશ તૈયાર કરી બાળકો સુધી લઈ જવામાં આવશે. બાળકો ઘરે રહી લોકડાઉન કે કોરોના રજાઓ દરમિયાન શિક્ષણ વિડીયો અને અભ્યાસ કર્યા છે, ત્યારબાદ આ અનોખી થીમ સાથે હવે આ બાળકો વિશ્વ વિશે અને વિવિધ વિષયોમાં અનોખી રીતે નવીનભર્યું મનોરંજન સાથે કાર્યક્મ જોઈ જનરલ નોલેજમાં વધારો કરશે. શાળાના વહીવટદાર એસ વાય દોલતી અને આચાર્ય ફિરોઝખાન પઠાણના માર્ગદર્શન સાથે ૨૮ શિક્ષકો દ્વારા કાર્યક્મનો પ્રારંભ કરવામાં આવેલ છે.

આચાર્ય ફિરોઝખાન પઠાણ, આચાર્યા જબીનબેન કાઝી, સુપરવાઈઝર જુનેદભાઈ મન્સૂરી અને શાળાના ૨૬ શિક્ષકોને સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા "આઓ હમ કુછ નયા કરે" કાર્યક્મ અને પ્રવૃતિઓ માટે અભિનંદન પાઠવેલ છે.

# પંચમહાલ જીલ્લામાં અચાનક વાતાવરણમાં પલ્ટોઃ વાદળછાયું વાતાવરણ



ગોધરા, ચૈત્ર નવરાત્રીના અષ્ટમીના દિવસે સવારથી જ વાતાવરણમાં પલટો આવતાં ખેડૂતો ચિંતિત. એક તરફ કોરોના મહામારીના કારણે દેશ ભરમાં ડરનો માહોલ છવાયો છે. જેના કારણે વેપાર-ધંધામાં ભારે માઠી અસર જોવા મળી રહીછે. હાલ ખેડુતો એ પણ ખેતરમાં ઉનાળું બાજરી,મકાઈના પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે. પરંતુ એક તરહ કોરોના મહામારી જ્યારે બીજી તરફ ચૈત્રી નવરાત્રીના અષ્ટમીના દિવસે સવારથી જ વાદળ છાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. જેનાં કારણે વેપાર-ધંધા ના વેપારીઓ તેમજ ખેડુતો માં નારાજગી જોવા મળી રહી છે. પરંતુ કુદરતી આફત સામે કહે તો કોને કહેવાય.જેવી કપરી પરિસ્થિતિમાં ની કટોકટી જોવા મળી રહી છે.અચાનક મંગળવારના રોજ વાતાવરણમાં પલટો આવતાં વાદળ છાયું વાતાવરણ જોવા મળી રહ્યું હતું.જ્યારે બીજી તરફ કાળઝાળ ગરમી સામે વાતાવરણ પલટો આવતાં ગરમી સામે રાહત મળી હતી.

# શહેરામાં ત્રણ દિવસના લોકડાઉન બાદ પછીના દિવસોમાં ૪ વાગ્યા સુધી ધંધા રોજગાર ચાલુ રહેશે



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરાનગરમાં આજથી ત્રણ દિવસ સુધી લોકડાઉન અને ત્યારબાદ પછીના દિવસોમાં સાંજના ચાર વાગ્યા સુધી જ દૂકાનો ખૂલ્લી રાખવામાં આવનાર છે.ત્યારે મંગળવારે સાંજના ચાર વાગ્યાથી દુકાનો વેપારીઓએ બંધ કરી હતી.પોલીસ અને તંત્રના અધિકારીઓએ બજારમાં નીકળ્યા ત્યારે અમુક દુકાનો ખુલ્લી જોવાઈ રહી હતી.તે દૂકાનો ટપોટપ બંધ થતી જોવા મળી હતી.

શહેરા નગરમાં વેપારીઓ અને તંત્રની બેઠકમા બુધ થી શુક્રવાર સુધી સ્વૈચ્છિક લોકડાઉનનો નિર્ણય વેપારીઓ દ્વારા લેવામા આવ્યો હતો. જેને પગલે મંગળવારના રોજ ચાર વાગ્યાથી દૂકાનો વેપારીઓ દ્વારા બંધ કરવામાં આવી હતી.પંરતુ લગ્નગાળો હોવાથી બસ સ્ટેશન,મેઈન બજાર, સિંધી ચોકડી સહિતના વિસ્તારમાં ખરીદી કરવા ભારે ભીડ જોવા મળી હતી. પોલીસ અધિકારીઓ,તંત્રના અને નગર પાલિકા સહિતની ટીમ પાંચ વાગ્યા બાદ બજાર માં નીકળી હતી.જ્યારે કેટલાક વેપારીઓ દુકાનો ખુલ્લી રાખી વેપાર કરતા જોવા મળ્યા હતા.પોલીસ અને તંત્રના અધિકારીઓને જોતા ટપોટપ દુકાનો બંધ કરી દીધી હતી. આ લોકડાઉન ના ત્રણ દિવસ વેપારીઓ અને પ્રજાજનો ઘરની બહાર કામ વગર નહી નીકળી ને માસ્ક સહિતના નિયમોનું પાલન કરે તે ઈચ્છનીય પણ છે.

# શહેરાના મંગલીયાણા ગામે ૨૦ વર્ષીય યુવકે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

શહેરા, શહેરા તાલુકાના મંગલીયાણા ગામે રહેતા ૨૦ વર્ષીય યુવકે કોઈ અગમ્યકારણોસર ક્પાયાડાના સેઢા ઉપર આવેલ ઝાડની ડાળી પર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી મરણ ગયેલ મળી આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના મંગલીયાણા ગામે રહેતા રમેશભાઈ સુબાભાઈ પટેલ ઉ.વ.૨૦ એ કોઈ અગમ્યકારણો થી ૧૯ એપ્રિલના રોજ કોતરવાળા ક્પાયડાના સેઢા ઉપર આવેલ જાંબુડાના ઝાડની ડાળી સાથે દોરડા વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. અને ફાંસો ખાધેલ હાલતમાં મળી આવેલ હતો. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.